Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

सर्वान् पश्यन्तु बन्धूनिव जगति जना भेदबुद्धिं विहाय,
स्थाने पात्रे च कर्तुं वितरणमसकृत्त्वास्तु बुद्धिर्धनस्य ॥
दीने नम्रा भवन्तु प्रखरधनवतामग्रगण्या हि शश्वद् ।
'आत्मानन्द प्रकाशं' विदधतु हृदये श्रीजिनः श्रावकानाम् ॥

पु० २३ मुं | वीर सं. २४५२. चैत्र आत्म सं. ३० | अंक ९ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ માર્ગ ગવેષણા. ... ... | ૨૦૩ | ૫ પ્રાચીન ગુફાઓ. ... ... | ૨૧૯ |
| ૨ વિશ્વરચના પ્રબંધ... ... | ૨૦૪ | ૬ અપૂર્વ દાન. ... ... | ૨૨૦ |
| ૩ મહાવીરપ્રભુને થયેલ ઘોર ઉપસર્ગ. ... ... ... | ૨૦૯ | ૭ શ્રીશત્રુંજય તીર્થ-આપણું કર્ત્તવ્ય. | ૨૨૫ |
| | | ૮ વર્ત્તમાન સમાચાર. ... | ૨૨૮ |
| ૪ સાહિત્ય મિમાંસા ... ... | ૨૧૭ | ૯ સાભાર સ્વીકાર. ... ... | ૨૨૯ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા સુજ્ઞ ગ્રાહકોને ખુશખબર.

ચાલતા આત્માનંદ પ્રકાશ પુ૦ ૨૩ તથા હવે પછીના પુસ્તક ૨૪ માં બંને વર્ષની ચાલુ નિયમ પ્રમાણે બે વર્ષની ભેટની બુક શ્રી ધર્મરત્નપ્રકરણ જેમાં શ્રાવકના ઉત્તમોત્તમ એકત્રીશ ગુણનું વર્ણન અનેક રસમય, બોધક કથાઓ સાથે આવેલ છે. તે ગ્રંથ ( ખાસ શ્રાવક ઉપયોગી હોવાથી ) આપવાનું નક્કી થયેલ છે. શુમારે અઢીશેંહ પાનાનો બાત્રીશ ફોર્મનો આ ગ્રંથ અમારા માનવંતા ગ્રાહકોને ભેટ તરીકે આપવાની આ સભાએ ( સાહિત્ય પ્રચારના ઉત્તમ હેતુને લઇ ) ઉદારતા બતાવી છે. અમારા ગ્રાહકોને દર વર્ષે ઉત્તરોત્તર ઉચ્ચ કોટીના ગ્રંથો ભેટ આપવામાં આવે છે તે ગ્રાહકોની ધ્યાનમાંજ છે. વી૦ પી૦ ના ખર્ચ તથા મહેનતનો પણ બે વર્ષની સાથે ભેટ આપવાથી ગ્રાહકોને લાભ થાય તે હેતુ છે. ગ્રંથની ઉપયોગીતા માટે વધારે લખવા કરતાં વાચકવર્ગ વાંચીનેજ જાણી શકશે. જેઠ માસથી ગ્રાહકોને લવાજમ વસુલ કરવા વી૦ પી૦ રવાના કરવામાં આવશે. મહેરબાની કરી દરેક ગ્રાહક સ્વીકારી લેશે એમ વિનંતિ છે. ગ્રાહક સિવાયના બંધુઓને રૂા. ૧-૪-૦ થી તે બુક મળી શકશે. જેઠ માસ પહેલાં નામ નોંધવનારને રૂા. ૧-૦-૦ ( પોસ્ટેજ જુદું ) લેવામાં આવશે.

---

## નવા દાખલ થએલા માનવંતા સભાસદો.

૧ શેઠ લક્ષ્મીચંદજી સંઘીતવાલા—રતલામ. પહેલા વર્ષના લાઇફ મેમ્બર.
૨ શ્રી હરિસાગરજી પુસ્તકાલય—લોહાવટ. ,, ,,
૩ શેઠ વાડીલાલભાઇ નગીનદાસ—બાવલા. બીજા વર્ષના લાઇફ મેમ્બર.
૪ શાહ જેશંગભાઇ વરજીવનદાસ—અમદાવાદ. ,, ,,
૫ શાહ વાડીલાલ શીવલાલ—વીરમગામ. ,, ,,

---

## છપાઇ તૈયાર થયેલ અપૂર્વ ગ્રંથ.

## " गुरुतत्त्व विनिश्चय । "

પ્રસ્તુત ગ્રંથના કર્તા ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમાન્ યશોવિજયજી મહારાજ છે. ગુરૂતત્ત્વના સ્વરૂપનો સંગ્રહ વાચકોને એકજ ઠેકાણે મળી શકે એવા ઉદ્દેશથી તેઓશ્રીએ જૈનાગમોનું દોહન કરી પ્રસ્તુત ગ્રંથમાં તેવા સંગ્રહને રોચક અને સરલ છતાં પ્રૌઢભાષામાં વર્ણવેલો છે. જેનો ખ્યાલ વિદ્વાન્ વાચકોને ગ્રંથના નિરીક્ષણથી આવી શકશે.

સંસ્કૃત ભાષાને નહી જાણનાર સાધારણ વાચકો પણ પ્રસ્તુત ગ્રંથ માટેની પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરી શકે તે માટે ગ્રંથની આદિમાં સંપાદકે ગ્રંથનો તેમજ તેના કર્તાનો પરિચય કરાવી ગ્રંથનો તાત્ત્વિક સાર તથા વિષયાનુક્રમ આદિ ગુજરાતી ભાષામાં આપેલ છે. અને અંતમાં ઉપયોગી પરિશિષ્ટો તથા ઉપાધ્યાયજીના અજ્ઞાત બે અપૂર્વ ગ્રંથોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ખપી મુનિમહારાજો તેમજ ગૃહસ્થોએ મંગાવવા સાવધાન રહેવું. દરેક લાભ લઇ શકે તે માટે કિંમત અડધી રાખવામાં આવી છે. કિંમત રૂા. ૩-૦-૦ ટપાલ ખર્ચ જુદું પડશે. અમારે ત્યાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जाहेर खबर.

## पंजाब—श्री आत्मानंद जैन गुरुकुळ संबंधी जाणवायोग्य हकीकत।

## जैन तत्वज्ञान तथा साहित्य के अभ्यास के लिये एक योजना।

जैन साहित्य, जैन तत्वज्ञान अद्वितीय समृद्ध और व्यवस्थित है; ऐसा कोई विषय नहीं, क्या न्याय क्या व्याकरण क्या ज्योतिष जिन में जैन साहित्य के ग्रन्थ न हों। परन्तु ऐसे अमूल्य भण्डार के अभ्यासियों और संशोधकों का प्रायः अभाव सा ही है। आज हमें कितने जैन विद्वानों की आवश्यकता हैं ? महावीर विद्यालय और पाटन बोर्डींग लीमडी जामनगर जैन विद्याभुवन और पालीताना गुरुकुल, शान्तिनिकेतन और विश्वविद्यालय, पञ्जाब गुरुकुल और जैन बालाश्रम सभी संस्थाओं में जैन साहित्य के विद्वानों की आवश्यक्ता है। जैन साहित्य और तुलनात्मक जैन तत्वज्ञान का पद्धति सहित अभ्यास करने की बहुत जरूरत हैं। इस वर्ष पञ्जाब में श्री आत्मानन्द जन गुरुकुल स्थापित हुआ है। गुरुकुल की कार्यवाहक समिति ने एक निम्नलिखित योजना कार्यरूप में परिणित करने का निश्चय किया है। विद्यार्थियों का ध्यान इस ओर आकर्षित किया जाता हैं।

## जैन साहित्य मन्दिर।

### विद्यार्थियों को दाखल करने के नियम।

१—१५ वर्ष से २० वर्ष तक की आयु के १० अविवाहित विद्यार्थी प्रवेश किये जायेंगे।

२—कम से कम मेट्रिक की बराबर की योग्यता वाले विद्यार्थी जिन की दूसरी भाषा संस्कृत हो दाखिल किये जायेंगे।

३—पूरा अभ्यासक्रम ५ वर्ष का रहेगा। पहिला विभाग ३ वर्ष और दूसरा विभाग २ वर्ष का रहेगा कम से कम पहिला विभाग ३ वर्ष का पूरा करना होगा।

४—भोजन, वस्त्र, शिक्षा सम्बन्धी अन्य कुल सामिग्री गुरुकुल की और से दी जायगी।

५—विनति पत्र व प्रतिज्ञापत्र भरना सर्व विद्यार्थियों के लिये आवश्यक है, प्रत्येक विद्यार्थी को प्रवेशक परीक्षा देनी होगी।

६—जो विद्यार्थी अधूरे अभ्यास से चला जायगा उससे मासिक रुपया १२) के हिसाब से जितने समय संस्था में रहा होगा उतने समय का खर्च वसूल किया जायगा।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अभ्यासक्रम--भाषा ज्ञान हिन्दी, संस्कृत, अंग्रेजी, प्राकृत, गुजराती, बंगला और उर्दू । ४ भाषाओं में निपुणता और ३ भाषाओं का सामान्य परिचय ।

धार्मिक--जैन तत्वज्ञान, कर्मविवेचन, तुलनात्मक जैन दर्शन, जैन इतिहास और जैन साहित्य न्याय और व्याकरण, जैन आगम साहित्य, वक्तृत्व, लेखन और संशोधन ।

उद्योग--सूत कातना, कपडा बुनना, छापखाने का काम इत्यादि ।

प्रसंगानुसार जैन विद्वानों द्वारा व्याख्यान दिलाने का प्रबन्ध किया जायगा ।

सूचना--तीन वर्ष के अभ्यास में उत्तीर्ण होने के पश्चात् प्रत्येक विद्यार्थी को प्रमाण पत्र और ' जैन साहित्य विशारद ' की उपाधि दी जायगी ।

तीन और पांच वर्ष की पढाई नियमानुसार पूरी करने पर निःस्वार्थता से २ साल गुरुकुल की सेवा या १०००) गुरुकुल को भेट देना होगा ।

इस योजना का लाभ उठाने के लिये विद्यार्थियों को मेरा अनुरोध है ।

विशेष जानकारी के लिये नीचे लिखे पते पर पत्र व्यवहार करें ।

प्रार्थना पत्र ३० अप्रैल तक आने चाहिएँ । मानद अधिष्ठाता

**कीर्तिप्रसाद जैन बी. ए. एल. एल. बी.**

**श्री आत्मानन्द जैन गुरुकुल–पञ्जाब,**

**गुजरांवाला ।**

---

પાના ૫૦૦) ઉપર. કિંમત ત્રણ રૂપૈયા પોસ્ટ અલગ.

# શ્રી દાનપ્રદીપ.

( જિન આગમરૂપી અગ્નિ પાસેથી વિવિધ પ્રકારના અર્થરૂપી તેજને ગ્રહણ કરી જિન શાસનરૂપી મહેલમાં દાનરૂપી દીવાને પ્રકટ કરનાર અપૂર્વ ગ્રંથ. )

( અનેક મહાન પુરૂષોની જેમાં રસયુક્ત કથાઓ આપવામાં આવેલ છે. )

ધર્મના ચાર પ્રકાર દાન, શીયલ, તપ અને ભાવમાં દાનધર્મ મુખ્ય હોઇ દાન તીર્થંકર ભગવાન ચારિત્ર લીધા પહેલાં એક વર્ષ પર્યંત આપે છે, અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રથમ દેશનામાં દાનધર્મની દેશના આપે છે, તેજ દાનધર્મનું વર્ણન આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. આ દાનધર્મના પંચ ભેદો અને ઉત્તર ભેદો, વિસ્તારપૂર્વક વિવેચન અને આ દાનધર્મનું આરાધન કરનાર આદર્શ જૈન મહાન પુરૂષોના વીશ અદ્દભુત ચરિત્રો–રસયુક્ત કથાઓ બીજી અનેક અનેક અંતર્ગત કથાઓ અનેક જાણવાયોગ્ય હકીકત સાથે આપવામાં આવેલ છે. દાનધર્મ માટે આવો એક પણ ગ્રંથ અત્યાર સુધીમાં પ્રકટ થયો નથી. આ ગ્રંથ સાદ્યંત વાંચતા કોઇ પણ મનુષ્યને તે દાનધર્મ આદરવા તત્પર થતાં જલદીથી આત્મકલ્યાણ સાધી મોક્ષને નજીક લાવી શકે છે.

દરેક મનુષ્યે પોતાના ઘરમાં, લાઇબ્રેરીમાં મુસાફરીમાં આ ઉપયોગી ગ્રંથ રાખવો જ જોઇએ. કિંમત રૂા. ૩–૦–૦ પોસ્ટેજ જુદું ઉંચા એન્ટ્રીક પેપર ઉપર સુંદર ટાઇપથી છપાવી ...ભી કપડાથી છપાયેલ છે. લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

का अरई ? के आणंदे ? इत्थं पि अग्गहे चरे, सव्वं हासं परिच्चज्ज आलीणगुत्तो परिव्वए। पुरिसा ! तुपमेव तुमं मित्तं किं बहियामित्तमिच्छसि ?। जं जाणिज्जा उच्चालइयं तं जाणिज्जा दूरालइयं, जं जाणिज्जा दूरालइयं तं जाणिज्जा उच्चालइयं। पुरिसा ! अत्ताणमेव अभिनिगिज्झ, एवं दुक्खा पमुच्चसि। पुरिसा ! सच्चमेव समभिजाणाहि, सच्चस्साणाए उवट्ठिए से मेहावी मारं तरइ। सहिओ धम्ममायाय सेयं समणुपस्सइ ॥

आचाराङ्गसूत्रम्।

पुस्तक २३ मुं. { वीर संवत् २४५२. चैत्र, आत्मसंवत् ३०. } अंक ९ मो.

## मार्ग–गवेषणा.

( સોયણી–ગઝલ. )

**શોધકની વિચાર સૃષ્ટિ—**

કુદરત તણી ઘટના અગર આ–વિશ્વ રચના નો વિધિ;
મન ઇંદ્રિને ગોચર નહીં–દુઃપાર જ્ઞાન કલા નિધિ. ૧

અવલોકતા વિધ વિધ રીતે–ગર્ભ ગહન જણાય છે;
ઉંડાણુની અવધિ વિના–સહુ ધૈર્ય ખૂટી જાય છે. ૨

જ્યાં બહિર–આન્તર–પરમ આ–તમ રૂપ તે સમજાય ના;
બહુ વિધ શાસ્ત્રાભ્યાસથી–એ સાંધ્ય દર્શિત થાય ના. ૩

અમૂલ્ય માનવ દેહની યાત્રા સફલ કો વિધથી;
વલી ભૂત ભાવિ યોગ ને બતલાવનારજ કો નથી ! ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નય ભંગની ગુંજાળ ને ઉકેલવા ઉદ્યમ કરૂં;
ગીતાર્થ ગુરૂ સહ યોગ વિણુ સાપેક્ષ શંકા કયાં ધરૂં ! ૫

**બોધકની જ્ઞાનદૃષ્ટિ—**

છે માર્ગ દર્શક શાસ્ત્ર પણુ એ અગમ નિગમ ગણાય છે;
દૈવી કૃપા વિણુ કલ્પના–નિશ્ચય અધુરી જાય છે. ૬
વિકાસ ક્રમના માર્ગનો અભ્યાસ અનુભવથી થશે;
ઈપ્સતની ઝાંખી થતા કૈવલ્ય જ્યોતિ જગાવશે. ૭

વેલચંદ ધનજી.

# વિશ્વરચના પ્રબંધ.

## નિવેદન ૧૩ મું.

( ગતાંક પૃષ્ટ ૧૮૪ થી શરૂ. )

૧૮ હિંદીસરકારના ભૂસ્તર વિદ્યાના અધ્યક્ષ મી. **વાડીયા** પોતાના વ્યાખ્યાનમાં જણાવે છે કે ગંગા, નીલ આદિ મોટી નદીઓના મુખ આગળ પ્રત્યેક સો વર્ષે ત્રણ ઇંચ માટી એકઠી થાય છે, એ હિસાબે પૃથ્વીની ઉમર ૧૦–૨૦ હજાર વર્ષની માની લેવાનું અનુમાન ગલત છે. બીજો આધાર કોયલાનો છે. એક હાથ ઉંચાઈના કોલસા બનવા ૫૦૦ વર્ષ લાગે. આ હિસાબે વધારે વધારે ઉંડી ગયેલી ૧૨૦૦૦ ફુટ કોલસાની ખાણુના આધારે પૃથ્વીની ઉમર ૬૦ લાખ વર્ષની ગણાય. આ હિસાબ પણુ વ્યાજબી નથી. વળી ખડકનો આધાર લઇએ તો છીપની ઝીણી ભુકી સમુદ્ર કાંઠે એકઠી થતાં દર સો વર્ષે ૦॥ ઈંચ ખડક બને છે, આ હિસાબે યુરોપના સમુદ્રની ગણુના કાઢતાં માત્ર તે ખડક બન્યા ને ૧૦ ક્રોડ વર્ષ થયા મનાય છે. દીનપરદીન સૂર્યની શક્તિ ઓછી થવાના હીસાબે કેલભીન સાહેબ પૃથ્વી ૧॥–૨ કરોડ વર્ષ કરતાં વધારે જુની નથી એમ જણાવે છે. પરંતુ **રેડીયમ** ધાતુ શોધાયા પછી તેના ને સૂર્યના સંબંધનો ખ્યાલ કરી કેલ્વીને પણુ ચુપકી પકડી છે. આતો વિજ્ઞાનીઓના અખતરાની વાત થઇ, પણુ ભુસ્તર વેત્તાઓનું વિશ્વાસ પાત્ર અનુમાન જુદું છે. તેઓ જણાવે છે કે–પૃથ્વી બની ત્યારથી જ નદીઓ હંમેશાં વહ્યા કરે છે, ને દરેક નદીઓ પોતાનો ખાર હંમેશાં સમુદ્રમાં લઇ જાય છે, માત્ર ગંગા નદી જ બંગાળી ઉપસાગરમાં દર વર્ષે એક કરોડ બાર લાખ મણુ મીઠું ખેંચી લાવે છે. આવી આવી રીતે મીઠાનો જમાવ થતાં આખી પૃથ્વીના બધાં સમુદ્રોમાં મળીને અત્યારે **૧૨ અબજ ટન** ( ૩ ખર્વ, ૫૬ અબજ મણુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મીઠું સીલીકે છે. આ આધારની શોધમાં એવું માલુમ પડયું છે કે પૃથ્વીને બન્યાને આજ સુધીમાં ૯ કરોડ વર્ષ થયા છે + + સંયુક્ત પ્રદેશ બિહાર બંગાલા ત્યાં પહેલાં સમુદ્ર હશે ને દક્ષિણ પ્રાંત એક ટાપુ હશે. ભારતના મૂળવતની પહેલાં દક્ષિણ પ્રાંતમાંથી જ ઉત્પન્ન થયાં હશે + + + ( સત્૦ ૧૩/૩ પૃથ્વીની ઉમરમાંથી )

૧૯ લોર્ડ કેલ્વીને વિજ્ઞાનની દૃષ્ટિએ પૃથ્વીની ઉમ્મર ત્રણુ ક્રોડ વર્ષની કહી હતી. પણ વર્ત્તમાન વિજ્ઞાનીઓ કહે છે કે અવિભાજ્ય પરમાણુમાં પણ અતિ સૂક્ષ્મ સર્વ પદાર્થોના ઉપાદાનભૂત એક અદ્ભુત શક્તિ દેખાય છે. એટલે યુરેનિય યા મના મનોપદાર્થ, અદૃષ્ય રશ્મિ તરંગની ક્રિયામાં બહુ પરિવર્તન પામી " શીસા " રૂપે બની જાય છે. તેમજ હેલીયામ ખંડ ( સર્વની અપેક્ષાએ પૃથ્વીનો લઘુ ગ્યૅાસ ) ચારે દિશામાં છુટવાથી ઉત્તાપની ઉત્પત્તિ થાય છે. આથી પૃથ્વીના નાશનો ભય તો એકકોર રહ્યો પણ અત્યારે એટલો બધો યૂરેનિયમ છે કે જેના હેલીયામ ગ્યાસની ગરમી થવાથી ધગધગતી પૃથ્વી જીવ નિવાસને અયોગ્ય બની જશે, એમ માની શકાય છે.

હરકોઇ ખનિજ પદાર્થમાં યુરેનિયમ અને શીસાનું મિશ્રણ કેટલા પ્રમાણુમાં છે તે સ્થિર કરવાથી તે ખનિજ પદાર્થની ઉમ્મર મળી આવે છે. આ રીતે તપાસ કરતાં જણાયું છે કે–પૃથ્વીના ઉપરના પથરાઓની ઉમર થોડી છે. મોટા પત્થરની ઓછામાં ઓછી ઉંમર ૯૨ ક્રોડ વર્ષની છે અને પૃથ્વીના મોટા યુરેનિયમને શીસાના પ્રમાણુના અનુપાતથી વિચાર કરતાં આ ઉમર ૯૦૦ ક્રોડ વર્ષ હોય એમ સંભવે છે. ( P. ૨૨/ઇ. )

૨૦ ઉપલી બધી માન્યતા ઉપર પાણી ફેરવનારો હમણાં " ઉપગ્રહ સિદ્ધાંત " પ્રસિદ્ધિ પામ્યો છે. જેમાં તદ્દન નવીન કામનાનો જ ઉપયોગ થયો છે અને કાંઇક નવીન દેખાડવું જ જોઇએ તે આશય બર આવેલ છે.

અત્યાર સુધીના પંડિતોએ હજારો વખત ભાર મૂકીને જણાવ્યું હતું કે–પૃથ્વીના મધ્ય ઉપર જશો તો તમોને પાતળો રસ ઉકળતો હોય એવું નજરે પડશે. પણ આજ તે માન્યતા ભ્રામક ઠરેલી હોઇ, પૃથ્વી અંદર–બહારથી નક્કર છે અને તેના પેટમાં કઠણુ કરતાં કઠણુ અપરિચિત ધાતુ છે એવો નિકાલ આવ્યો છે, જે વિષયમાં માત્ર બે જણાના ભાષ્ય વિચારણાર્હ છે. ડૉ૦ વૉશિંગ્ટન અકાલ્પનિક સિદ્ધાંતથી કહે છે કે–પૃથ્વીના પેટમાં સોનાનો ઘટ ગોળો છે. ભૂગોળના મધ્યમાં કોટયાવધિ ખાંડી, સોનું, રૂપુ, ત્રાંબુ વિગેરે ધાતુઓ છે. વળી તે કહે છે કે–પૃથ્વી પૂર્વ પીગળેલા રસનો ગોળો હતી તે પીગળતો હતો ત્યારે ભારે ધાતુ નીચે ગઇ અને હલકી હલકી ઉપર આવી. પૃથ્વીના પેટમાં સોના ઉપરાંત પ્લેટી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમ, એન્ટીમની, એરમીઅમ, ઇરિડેસ્મીયમ વિગેરે ધાતુઓ પણ છે અને તેની ઉપર અનુક્રમે ત્રાંબુ, રૂપુ, સીસું, લોખંડ અને હલકી ધાતુઓના થરો છે તેમાંથી કેટલીક ધાતુઓ ઉના પાણીના ઝરાની સાથે મિશ્રીત થઇને ઉપર આવે છે. +

બીજા ભાષ્યકાર ઉપગ્રહ સિદ્ધાંતના પિતા પ્રો૦ હોબ્સ છે. તે તો કહે છે કે–પૃથ્વી બીલકુલ પીગળેલી ન હતી. તે પૂર્વાપર ઘન સ્થિતિમાં જ છે અને તે માટે તેણે પૃથ્વીની ઉત્પત્તિ માટે નવો સિદ્ધાંત જ માંડ્યો છે.

પ્રો૦ હોબ્સ કહે છે કે–એક વખતે સૂર્ય એ એકલો જ તારો હતો અને હમણાના સૂર્ય કરતાં મોટો અને વધારે ઉષ્ણ હતો. તેની આસપાસ ગ્રહ ન હતા. કેટલાક દિવસે એક બીજો તારો તેની નજીકમાં આવ્યો, તે એટલો બધો પાસે થઇને ચાલ્યો કે તેમના પરસ્પર ગુરૂત્વાકર્ષણને લીધે સૂર્યના તારામાંનો ઘણો ખરો ભાગ ખેંચાઇ ગયો. આ ભાગના કેટલાક ટુકડા સૂર્ય ફરતા ભમવા લાગ્યા, જેમાંના કેટલાકના પરસ્પર ચોટી જવાથી મંગળ વિગેરે ગ્રહો બન્યા છે.

મોટા મોટા ગ્રહોની પૃથ્વી બન્યા પછી કોટયાવધિ વર્ષમાં પૃથ્વીએ તમામ ઉપગ્રહોને ગાળી નાખ્યા. એ પૈકી જે લુચ્ચા ઉપગ્રહો પૃથ્વીના સપાટામાંથી સટકી ગયા તેનો પીછો તે એક સરખી રીતે કરી રહી છે તે ચોરો રાત્રિએ આપણા ઘર ઉપર નડે છે તેને ઉલ્કા કહે છે.

સૂર્યની આસપાસ ફરનારા ટુકડાઓમાં લોખંડ અને પત્થરના એમ બે જાતિના ઉલ્કા હતા. આ બન્નેમાં પરસ્પર લડાઇ શરૂ થઇ, જેનો લાભ પૃથ્વીને મળ્યો, પૃથ્વીએ બન્નેને સરખા પ્રમાણમાં ગલવું શરૂ કર્યું ક્રમે બંને સૈન્યમાં શિથિલતા આવતાં પૃથ્વીએ લોહમય ઉલ્કા પર કરડી દૃષ્ટિ કરી તેનો નાશ કર્યો અને પછી પત્થરની ઉલ્કા ખાવાનો સપાટો શરૂ કર્યો તે અદ્યાપિ ચાલુજ છે.

વળી પૃથ્વીના પીઠમાં નજીકનો ભાગ ઓગળવાથી જવાળામુખી ફાટી નીકળે છે. પૃથ્વી પાસે ૫૦–૬૦ માઇલમાં એટલી બધી ઉષ્ણતા છે કે જો તેની ઉપર દબાણ ન હોત તો સર્વ વસ્તુઓને ગાળી નાખત. પૃથ્વીમાં પૃથ્વી હોય ત્યાં પાણી અને પાણી હોય ત્યાં પૃથ્વી એવાં અનેક સ્થિત્યંતરો થયા કરે છે, આ હોબ્સનો સિદ્ધાંત એવું જાહેર કરે છે કે પૃથ્વીના મધ્યભાગમાં સોનું કહી શકાતું નથી પણ લોઢું પત્થર, નીકલ પત્થર, અને પત્થર છે.

૨૧. પાશ્ચાત્યકાળના વાતાવરણના ચશ્મા ચડાવીને મહાશય રામાજ્ઞા દ્વિવેદી કહે છે કે-વૈજ્ઞાનિક મતાનુસાર લાખો વર્ષ પહેલાં પૃથ્વી બળતા કોયલા જેવી હતી. જે ધીરે ધીરે ઠંડી થઇ, ચપટી બની. વળી ઉપસીને પર્વતમાળા કાઢી અને ઉંડી ઉતરીને ખાડા પાડી સમુદ્ર બનાવ્યા. પછી સૂર્યની ઉષ્માથી વાદળાં બન્યાં, વૃષ્ટિ થઇ, અને વિવિધ વૃક્ષ વેલડી વિગેરે ઉત્પન્ન થયાં. કાળાંતરે મધ્ય એ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિયાનું માનવી મંડળ ભારતવર્ષમાં આવ્યું અહીં પ્રથમ પૂર્વ પ્રસ્તરયુગ હતો. ત્યારપછી ઉત્તર પ્રસ્તરયુગ, કાંસયુગ, તામ્રયુગ, અને ચાંદીયુગ વિગેરે બદલાય છે.

૨૨. **સાપેક્ષવાદના** વિદ્વાનો કહે છે કે–ત્રણ પ્રમાણોનો વિચાર કરતાં કેટલીક અપૂર્ણતા રહે છે તેથી હાલના વિદ્વાનોમાં ચોથું **અવ્યક્તપ્રમાણ** માનવાની આવશ્યકતા જણાય છે. આ પ્રમાણનું નામ સાપેક્ષવાદ છે. કેંટ, ડેકાર્ટ અને **વોલોના**-વિગેરે સાપેક્ષવાદના પ્રયોગો કરતા હતા. પરંતુ એકવાર એક પુરૂષ કોઠા ઉપરથી દડી પડ્યો. અને તેને લાગ્યું નહી, આ ઘટનાથી જર્મનીના પંડિત **અલબર્ટઆએસ્ટીને** સન ૧૯૧૫ થી સાપેક્ષ વાદને સ્વતંત્ર જન્મ આપ્યો છે. તે જણાવે છે કે દરેક શક્તિઓ સાપેક્ષ છે. સંસારમાં જેટલી ગતિઓ છે તે દરેકને કોઈને કોઈ વસ્તુના આધારની અપેક્ષા રહે છે. તે સૂર્ય ગ્રહણ માટે કહે છે કે— સૂર્ય ગ્રહણ થાય ત્યારે તારાના પ્રકાશિત કિરણો સીધી લીટીમાં ન જતાં સૂર્યની તરફ નમી જાય છે. આથી ન્યુટનના મતને ફટકો લાગ્યો. ન્યુટને ઇંગ્લાંડની રૉયલ સોસાઇટીમાં ૨૫ વર્ષ સુધી **સભાપાત** તરીકે કામ કર્યું, જેથી આ સભાએ આ બન્ને વિદ્વાનોના મત ભેદમાં શું 'સત્ય છે તે નક્કી કરવા માથે લીધું. અલબર્ટ-આઇસ્ટેન જર્મની વિદ્વાન હતો. જેની શિઘ્ર ખ્યાતિ થવાથી જર્મની વિદ્વાનોમાં ગ્રહણની શોધ માટે વિશેષ ઉત્સુકતા હતી, તેમજ ઇંગ્લાંડના વિદ્વાનોમાં પણ ઉત્સુકતા હતી. 'પણ તે ઉત્સુક્તાની પાછળ કેવળ મત્સર દ્વેષ અને ઘૃણા જ હતી. બીજી તરફ સંસારના ગણીતરીઓ પહેલેથીજ સાપેક્ષવાદનો સ્વીકાર કર્યો હતો. આખરે તા. ૨૮–૫–૧૯૧૯ ને દિવસે આફ્રિકામાં ઇંગ્લાંડના પંડિતોએ તપાસ કરી જેનું પરિણામ સાપેક્ષવાદના તરફેણમાં આવ્યું છે. અને અત્યારે તો આ વાદ સ્વીકાર્યો. અલબર્ટ આએસ્ટિન બ્રહ્માંડ માટે કહે છે કે સાપેક્ષવાદની દૃષ્ટિએ વિશ્વને અનંત પણ કહી શકાય છે, તેમજ પરિમિત પણ કહી શકાય છે. કેમકે જો વિશ્વ દેશના દ્રવ્યોનું દૈશિક ઘનત્વ મધ્ય શુન્યવાળા હોય તો વિશ્વનો દેશ અનંત હોય છે. અને જો વિશ્વદેશના દ્રવ્યોનું દૈશિક ઘનત્વમધ્ય શુન્યથી જુદું હોય, તો દેશ મર્યાદિત હોય છે. એટલે દ્રવ્યનું ઘનત્વ જેટલું ઓછું તેટલો દેશ વિશાલ. આ રીતે સાપેક્ષવાદના સિદ્ધાંતથી બન્ને દશાનો સંભવ છે, છતાં પરિમિત વિશ્વ હોવાની વધારે સંભાવના છે.

આ સર્વ મતોથી આપણે સમજી શકયા છીએ કે જગતનો કર્તા કોઇને ઠરાવતાં બહુ દોષાપત્તિ આવી ઉભી રહે છે. ને વિશ્વનો આરંભ કયારે થયો એ પ્રશ્ન પણ વૃથા થઇ પડે છે. પણ આટલું ચોકસ થાય છે કે રૂપનાં પરાવર્તનો એટલે વિશ્વની વૃદ્ધિ હાનિ થયા કરે છે. જેમ દિવાળીના પર્વમાં નાના બાલકો (પીંછીજેવી સાપોડીયાની કટકીઓને સળગાવે છે. ને સર્પ બનાવે છે. ક્રમે રાખના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્પનો નાશ થાય છે, તેમજ માની શકાય છે કે કાંઇ મૂલ બીજ હોય તોજ વૃક્ષો બની શકે છે તો વૃક્ષો ઉગે છે કેટલેક કાળે નાશ પામે છે. એટલે પરિવર્તન ક્રિયા થાય છે. તેમજ જગતમાં પણ વૃદ્ધિ હાનિ કે સંકોચ વિનાશનો ફેરફાર માત્ર મનુષ્ય પ્રાણી આદિને લઇને થાય છે. બાકી પૃથ્વી તો અનાદિ સ્થિર છે તેમાં સ્થાનાદિનો ફેરફાર થઈ શકતો નથી. પૃથ્વીપરના દ્રષ્યમાન પદાર્થોનો ફેરફાર થાય છે. જુઓ **પ્રીમીટીવલ્કલચર** ગ્રંથમાં ટાઇલર કહે છે કે—આટલાંટીક મહાસાગરને સ્થાને મોટો ખંડ હતો જેમાંથી કેનેરી ટાપુઓ થયા છે. વળી પાસિફિક મહાસાગરને સ્થળે મોટા ખંડ રૂપે પૃથ્વી હતી. સહરાનું રણ પહેલાં સમુદ્ર રૂપે હતું. (પ્રાધ. ૨૭) અમેરીકન નાયગ્રા નદીનો ધોધનો ખાડો સાત આઠ હજાર વર્ષનો સંભવે છે (મૃગ૦) બેલી લોનના પ્રાચીન વૈભવોને સ્થાને હાલ ખંડેરો છે. વલ્લભીપુરના વૈભવમાં હાલ નામ શેષ રહેલ છે.

સિંધના **મહોંજોદારો** પાસે એક સુંદર સડકોવાળું સાડા સાતસો એકર ભૂમીમાં પથરાએલું શહેર હતું. સીંધુ નદીમાં પાંચ ટાપુ હતા. અને સીંધુ કાંઠે ૨૭ મોટા નગર તથા ૫૩ શહેર હતા, તથા સિંધુ નદીના અઢાર પાટો થયેલા છે. એવી નિશાની મળી શકે છે. આ ગામો ઇ. સ. ની બીજી શતાબ્દીમાં નાશ પામ્યો હોય એમ માની શકાય છે. ( રાખાલદાસ બેનરજીનો રીપોર્ટ. ( માધુરી. )

ઇ. સ. ૧૯૩૮ માં દક્ષિણ અમેરિકાના ચિલિ પરગણાની પાસેનો બેટ છ હાથ ઉંચો વધ્યો હતો. ઇ. સ. ૧૮૧૮ માં ધરતીકંપ થવાથી કચ્છમાં સમુદ્રમાંથી ૨૫ કોશ લાંબો ૮ કોશ પહોળો જમીનનો કકડો વધ્યો હતો, જેને હાલ ખાલ્લાબાંધ કહેવાય છે. બાલ્ટીક ઉપસાગરનો કિનારો ધરતીકંપ વિનાજ સો વર્ષમાં ચાર ફુટ ઉંચો વધ્યો હતો. વળી અમેરિકાનો પશ્ચિમ ભાગ પણ ધરતીકંપ વિના ધીરે ધીરે વધ્યો જાય છે. જુડિષ્યાના ચિલ્કાઅખાત પાસેની જમીન ઉંચી થાય છે. (જી. વનન. ૫૪ ) કચ્છનું રણ પણ થોડા કાલ પહેલાં સમુદ્રરૂપે હતું મુંબઇની **પાયધુની** સ્થાનમાં થોડાકાલ પહેલાં સમુદ્ર કાંઠે પગ ધોવાતા હશે. નૈસર્ગિક પરિવર્તન કેવું થયું છે કે ત્યાં હાલ ભરચક વસ્તિ છે. આવા દૃષ્ટાંતોથી સમજી શકાય છે કે દરેક સ્થાને અલ્પાધીક પરિવર્તન નિરંતર થયા કરે છે ને મહાન પરાવર્તન સંખ્યાતા વર્ષે થયા કરે છે. બાકી જગત તો અનાદિ છે તેનો કર્તા કોઇ નથી. ફેરફાર સમયના પ્રભાવે થયા કરે છે હવે શાન્તિ દયો. એટલે બાકીનો તમારા પ્રશ્નનો ઉત્તર તમો તુરત જોઈ શકશો. ( ચાલુ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહાવીર પ્રભુને થયેલ ઘોર ઉપસર્ગ.

(" ફાંસીને લાકડે ")

હીરાગળ ચુંદડી શી ખીલતી સંધ્યાએ રંગ બદલ્યો, રાત્રી પડી. સૂર્યનો પ્રકાશ ઓસરી ગયો, પૃથ્વીએ અંધાર પછેડો ઓઢયો અને આકાશપટમાં તારલીઆં તગમગવા લાગ્યાં. સાથે સાથે ગ્રહોની આછી આછી છાયા પણ પ્રકટવા લાગી. બાળકો આંખો વીંચી ગોદડીમાં છુપાવા લાગ્યાં. એવામાં આકાશમાં વીજળી જેવો ચમત્કાર થયો.

આર્યાવર્તમાં રાહુની સૂર્ય ગ્રહણ માટે તૈયારી થવાના વાતાવરણ જેવો ભય સંચાર થયો. ન માલુમ વિના કારણે જ માનવી મંડળમાં ગમગીની પથરાઈ રહી. એકાદ ક્ષણ પછી આભમાં મીટ માંડીએ તો વીજળીને બદલે પુંછડીઆ ધૂમકેતુ સમો ભયાનક અંગારો આકાશપટમાં ધસમસતો ગતી કરી રહ્યો હતો.

આ અંગારો તે સાચો અંગારો ન હતો. જ્વાળામુખીના કોપનું પ્રદર્શન હતું. તે જેમ જેમ નીચે ઉતરવા લાગ્યો તેમ તેમ સ્વરૂપનું પરાવર્તન થવા લાગ્યું. તદ્દન નજીકમાં આવતાં તો અંગારો ફીટીને અસ્પષ્ટ મનુષ્યાકૃતિ–અવ્યક્તદેવ દેખાયો તે ક્રોધમાં ને ક્રોધમાં મનમોજી કલ્પના ઘડતો હતો કે—

" અરે એ દેવરાજની આંખો ગરદને આવી છે. જેમ ફાવે તેમ લવરી કરે છે. શું કાળા માથાના માનવીને ત્રણ લોકમાંથી કોઈ ન ચળાવી શકે ? અરે મારી મોજડી સાફ કરનાર ભૂતડો પણ એ તળાઇમાં સુનાર અને પાણીથી પાતળી કાયાવાળા રાજવી બાલકને ધ્યાન ભ્રષ્ટ કરી નાખે, તો પછી સામાનિક ઋદ્ધિવાળા અને અથાગ સામર્થ્યવાળા મારા જેવા દેવવીરને શું દુર્ઘટ છે. જ્યાં સુધી હું કોપ્યો નથી, જ્યાં સુધી આ હૃદયમાં સ્વતંત્રતાની ધગશ ફુંકાઈ નથી અને જ્યાં સુધી મેં ભવિ અભવીના દંભની નાડ પકડી નથી ત્યાં સુધીજ એ નિગ્રંથની મુક્તિ બુક્તિની જાળ પથરાયા કરશે. કોણ કહે છે મોક્ષ છે ? સિદ્ધ જીવોના લોચા કોણે જોયા છે ? કે જેને માટે રાજપુત્ર દુઃખો સહી શરીરની ખાખ કરી રહ્યો છે. આજે તેનો ભ્રમ દૂર કરૂં. દંભનો પડદો ચીરી નાખું અને મારે વશ કરીને રાજપુત્રને સિદ્ધ કરી આપું કે દેવપદ એજ પરમ બ્રહ્મ છે. મારી આજ્ઞાનું પાલન એજ શિવસુંદરીનું લગ્ન છે. બાકી બધું હંબગ છે. પણ માત્ર એક ભય રહે છે કે–રખેને દેવેન્દ્ર આ રાજપુત્રનું ઉપરીઆણું લ્યે ! કેમકે આ રાજપુત્રને કોઈ ઇંદ્રના ભયથી કાંઇ કરી શકતો નથી. જેથી વીતરાગ થવાને ઇચ્છતો રાજપુત્ર ઇંદ્રની ઓથમાં ધાર્યા પ્રમાણે મહત્તા ખાટી જાય છે. આ દીવા જેવી વાત હોવા છતાં ઇંદ્ર જ તેની પ્રશંસા કરે એટલે બીજાએ તો અહીં " હા " ની ટાપશી જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરવી રહી. હું આ વૈદ્ય, ગાંધીના સૈયારામાં હા જી હા કહી શકું તેમ નથી. બલ્કે નમ્ર સત્ય દર્શાવી શકું તેમ છું પણ તેમ થવામાં આડખીલી રૂપે ફક્ત દેવપતિ છું. ”

તે આકૃતિના હૃદયમાં વીજળીના ઝમકારની પેઠે એ વિચારમાળા એક-દમ પ્રકટી અને પ્રસાર થઈ ગઈ. તેણે પાછું વાળી જોયું. પણ ઇંદ્ર તો “ આ ઉદ્ધત દેવ ઠોકર ખાધા વિના પાછો ફરનાર નથી. ” એમ માની મૌનપણે બેઠો હતો.

અને તે વ્યક્તિએ પણ સ્વકલ્પનાથીજ તોડ આણ્યો કે—“ હવે ઇંદ્ર બીજું શું કરી નાખશે ? દેવભુવનમાંથી કાઢી મુકશે કે બીજું કાંઇ ? અસ્તુ. થવું હોય તે થાય. બોલ્યા પુરાણકારો વિશ્વામિત્રના મનોગત વિશ્વની વાતો પોથા ઉપર લખે ત્યારે ખરા, પણ હું તો બ્રહ્માંડને મારા આસુરી જગત્‌ને સિદ્ધ કરી આપું કે–કોઈ સંગમક નામે એક જગત્ કર્ત્તા છે.”

આ પ્રમાણે અવ્યક્ત મનોભાવને કેળવતી તે આકૃતિ દૃઢભૂમિ નામે ઢાલ વનમાં ઉતરી. આનું નામ હતું. **સંગમકદેવ** અને તેનો સ્વભાવ હતો **અભવ્ય.**

\+ + + +

ઉદ્યાનના એક ભાગમાં અઠ્ઠમ ભક્તવડે એક રાત્રિકી પ્રતિમાને વહતા એક નૌજવાન સિદ્ધર્ષિ ઉભા હતા. તેની મૂર્તિ ભવ્ય હતી. દૃષ્ટિ સચિત્તમાંથી ખેંચી અચિત્ત પદાર્થમાં સ્થાપી હતી. મટકું મારવાની વાત જ શી ? દેહલતા કાંઇક નમેલી છતાં અટલ હતી. ભૂજલતા નીચે લટકતી લંબાવી હતી. તેના નખો પ્રવાલની જેમ લાલ સુરખીને છાંટી રહ્યા હતા. શરીરપર રાજવીતેજ હતું, સિદ્ધ-પ્રભાની ઝાંખી હતી. કોઈ સમરાંગણ ખેડવા યોદ્ધો તૈયાર થયો હોય તેમ ખંભા ઉપર શૂરવીરતા ડોકીયાં કરતી હતી. મુખમાં હાસ્ય જળકી રહ્યુ હતું, રોમેરોમમાં હું અને જગતની અદ્વૈતતા વ્યાપી રહી હતી અને સંપૂર્ણમૂર્તિ પ્રાણી માત્રના વાત્સલ્યની પરિસીમા હતી.

તેમના આગમનથી સમસ્ત ઉદ્યાન પણ રમણીય લાગતું હતું. સુગંધથી બહેકી ઉઠયું હતું. ફૂલફળોથી હચમચી રહ્યું હતું. ભમરાના ગુંજારવથી નાચી રહ્યું હતું તથા ક્રીડા કરતા મનુષ્યોના કિલકિલાટથી આનંદમાં થનથનાટ કરી રહ્યું હતું એટલે આનંદ મસ્ત હતું. છતાં શાંત હતું.

તે યોગિરાજનું તપસ્તેજ અને પ્રભુત્વ અવિરલ જગતને આકર્ષી રહ્યું હતું. અરે ઇંદ્ર પણ પોતાના પ્રત્યેક પ્રસંગમાં તેમની મનોદઢતાની સ્તુતિ કરતો હતો.

× × × × × ×

સંગમકે યોગિરાજની પાસે આવતાં વાર કરોળીઆની લુતાની જેમ પોતાનું આસુરી પ્રદર્શન ખડુ કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧—**શ્રી ગણેશાય નમઃ** માં કેટલાય ટન ઢમગાર ધૂળ વરસી. યોગીન્દ્રના સુખમાં ધૂળ, કાનમાં ધૂળ, આંખમાં ધૂળ, નાંકમાં ધૂળ અને ગળામાં ધૂળ, ધૂળને ધૂળ ઇંદ્રિયો શકિત શૂન્ય થઇ ગઇ. શ્વાસ રૂંધાઇ ગયો એમ યોગીવરને રજોદ્વૈત જગત થઇ પડયું છતા તેમના મનમાં પીપળાના કુંપળા જેવો પણ સ્પંદ થયો નહીં.

૨—એકદમ કીડીઆરાં ઉભરાયાં. કીડીઓ તીણા આંકડા વડે યોગીશને કરડવા લાગી. એક કાનેથી પેસી બીજા કાને નીકળી એમ અંગેઅંગમાં આરપાર કાણાં પાડી શરીર ચાલણી જેવું કરી નાખ્યું, છતાં યોગીના ધ્યાનસ્થ મનને તેની ખબર પણ ન હતી.

૩—વજ્રની અણીવાળા ડાંસ મચ્છરોનું લશ્કર આવ્યું. તેણે ચટકે ચટકે રૂધિરના ટશીઆ આણ્યાં, પણ યોગિવર ધ્યાનથી તિલતુષમાત્ર ચાલ્યા નહીં.

૪—ઉઘ્રેહાલ ( તેલપાચી ) ધીમેલોનું ધણ છુટયું. એકજ વારે કારમી ચીસ ખેંચાવે તેવા ડંખ દીધા. છતાં યોગીન્દ્ર તો ધ્યાનમસ્તીમાં મશગુલ હતા.

૫—વીંછીઓની ધાડ દોડતી આવી તેણે યોગીવરના શરીરને ખવાય તેટલું ખાધું.

૬—રાની નોળીઆની નાત વછુટી તેઓ મિષ્ટ આજ દેખી દાંતીયા કરતા યોગિવરના અંગને નોર અને દાંતવડે વલુરવા લાગ્યા. શરીરમાંથી માંસના લોચા કાઢવા લાગ્યા, પણ તેઓ યોગધ્યાનને વીંધી શકયા જ નહીં.

૭—રોમેરોમ અગ્નિ ખેરવે તેવા ઉગ્રઝેરી સર્પો આવ્યા, દંશ દીધા છતાં સ્વામીનો રોમાંચ પણ ફરકયો નહીં.

૮—ઉંદરીયા નિશાળ છુટી. ઉંદરો યોગીન્દ્રપર કુદવા લાગ્યા, કાન કરડ્યા, નાક ટોચ્યું, કુંકીકુંકીને લોહી પીધું. ચું ચું કરતા કરતા ઘા ઉપર મુત્ર અને લીંડીઓ નાખી. અરે પણ યોગીશ તો અધિકાધિક આત્માને જ ભાવે છે.

૯—વનહાથી ઝપાટામાં આવી યોગિની સાથે અફળાયો, તેમને સૂંઢમાં પકડી આકાશમાં સાત આઠ તાડ જેટલા ઉંચે ઉલાળી દાંત ઉપર ઝીલ્યા, ભૂમિમાં પછાડી દાંતથી વિંધ્યા અને પગે છુંદ્યા.

૧૦—ગાંડી હાથણીએ યોગીન્દ્રને હડફેટમાં લીધા. શૂંડાદંડવતિ વીંધી, ચામડી વિદારી, ચીરાડીયામાં દાહ કરાવે તેવું ખારૂં મુત્ર છાંટયું અને પગવતી ખુંદવા લાગી, છતાં યોગિરાજના તાનમાં રંચ માત્ર ખલેલ પડી નહીં.

૧૧—ભૂતપિશાચનું રૂપ આવ્યું યોગિવરને ઘણી ઘણી કદર્થના કરી, અતુલ દુઃખો આપ્યાં પણ તે યોગિને તો નાટક જેવું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨—ઘુઘારવ કરતો લોહીતરસ્યો વાઘ વછુટયો યોગિવરની ચામડીમાં ચીરાડીયા પાડી તેમાં મુત્ર રેડયું.

૧૩—યોગીન્દ્રના પિતાજી આવી સામે ઉભા રહ્યા. અને ઉની ઉની વરાળ કાઢવા લાગ્યા કે—પુત્ર ! વૃદ્ધ પિતાને છોડી કયાં જાય છે ! મને દુખી કરવાથી તારી યોગસાધના સફળ થવાની નથી. છતે પુત્રે પણ દુ:ખી જીવન વીતાવવું તે કરતા અપુત્રિયા રહેવું સારૂં. છતે પુત્રે શત્રુનું અપમાન સહેવું એ પણ મરવા બરાબર છે. હે માતૃભૂમિ ! હવે તો માર્ગ આપે તો તારી માટીમાં મળી જાઉં ? એમ કહી તેમણે મોટી પોક મૂકી.

ત્રણે જગતની આરપાર ગયેલો જ્ઞાની યોગિવર આ દંભી સ્વરૂપને કળી ગયો હતો.

૧૪ રોંકકળ કરતું જનનીનું સ્વરૂપ આવ્યું, પ્રથમ તો છાતીફાટ રૂદન કર્યું, પછી આંસુ સારતા મોહકવાણીથી વાકપ્રવાહ છુટયો. કે–હાય હાય બાપુ ! તને કોણે ભોળવ્યો છે ? અમારી ઇતરાજીમાં તારી મહેનત નિષ્ફળ જશે. તને મોક્ષ મળવાનો નથી. અરે બેટા ! રડતા માબાપને મૂકી નાસી આવ્યો. કાંઇ દયાજ ન આવી ! હજી બોલતો પણ નથી. આટલીયે શરમ નથી ? હાય હાય ! હું તો દુ:ખી દુ:ખી થઇ ગઇ. કયાં જાઉ ? કોને કહું ? દુ:ખમાં દીકરોયે ફરી ગયો. નવ નવ મહીના પેટમાં ભાર વેંઢાર્યો તે પણ ભૂલી ગયો.

હે ભગવાન્ મારી દુ:ખીયારી અબળાને કોણ આશરો ? એમ કહેતાં કહેતાં માતાએ પછાડી ખાધી. એ ત્રણે જગતને નખમાં કોતરનાર યોગીન્દ્ર આ માયા જાળથી ખાધો જાય તેવો ન હતો.

૧૫ વિશાળ સૈન્ય આવ્યું. પાસેની ભૂમિમાં તંબુ ઠોકયા, સૈનિકોએ રસોઇની તૈયારી કરી, અને પથરા નહિ મળવાથી કોઇએ યોગિના પગવચ્ચે અગ્નિ સળગાવી, ઉપર હાંડલી મૂકી, રાંધવાનું કામ આટોપ્યું, સૈન્ય ચાલ્યું ગયું. પણ તેના આડાઅવળા પડેલા સળગતા લાકડાનો અગ્નિ યોગિવરના પગ પાસે આવી, પગચંપી કરી, શાંત પડવા લાગ્યો. છતાં યોગિનું મન તો શાંત જ હતું.

૧૬ લાલચોળ આંખવાળો ભીષણકાય ચાંડાલ શિકારી આવ્યો. વીસામા માટે બેસતાં શિકારી બાજ વિગેરેના પાંજરા યોગિના શરીરે, ગળે, ખંભે, કાને લટકાવ્યા અને પક્ષિઓને છુટા મૂકયાં. પક્ષિઓએ પણ ઇષ્ટ શિકાર મળ્યો જાણી યોગિને ચાંચવડે વીંધ્યા, માંસના લોચા ખાઇ ખાલી પડેલા વિવરમાં મુત્ર ભર્યું.

૧૭ પ્રચંડ વાયુ ચાલ્યો. તેણે યોગીન્દ્રને વારંવાર ઉપાડી ઉપાડી પછાડ્યા. ગલોટીયાં ખવરાવ્યાં. છતાં તેમના મનમાં હાથીના કાનની જેટલી પણ ચંચળતા ન આવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮ વંટોળીઓ ઉખળ્યો, યોગીશને અતિશય ક્ષમાવ્યાં-ગડમથલો લેવરાવી. પણ યોગિની એકાગ્રતાને વાંકી કરી શકયો નહીં.

૧૯ યોગિપર ઓચિંતું આકાશમાંથી પર્વતને પણ ચુરી નાખે તેવું કાળચક્ર તુટી પડયું. યોગીન્દ્રનું ગોઠણ સુધીનું શરીર ભૂમિમાં દટાઈ ગયું, આંગળીના ટેરવા-ભૂમિને અડી ગયા, છતાં ધ્યાનની તાલીમાં અણુમાત્ર પણ અસર થઈ નહીં.

૨૦ મધ્ય રાત્રિ હોવા છતાં પ્હો ફાટયું, અંધારૂ પ્રીટયું. ખીલતા પ્રાતઃ-કાળની આછી ભૂરકી પથરાઇ, ઉષાદેવીની સિનસીનેરી ઝળકી ઉઠી, લાલ કિરણોએ વૃક્ષ શિખાઓમાં સોનેરી ચિત્રો કોતર્યાં, સૂર્યનો ઉદય થયો અને એક તેજસ્વી દિવ્ય પુરૂષનો પડછાયો યોગીન્દ્રની સન્મુખ આવી બોલ્યો કે-દેવાર્ય ? સવાર થયું. પક્ષિઓ કિલકિલાટ કરતાં ચારા માટે વનવાડીમાં જાય છે, છતાં આપ કેમ ઉભા છો ? વીચરી ભૂમિ તળને પાવન કરો.

યોગિના જ્ઞાનમાં યથાર્થતા હતી, જેથી પ્રત્યક્ષ દેખાતી મધ્ય રાત્રિમાં પ્રભાતની ભ્રમણા થાય તેમજ ન હતું. પછી વિહારની તો વાતજ શી. ?

વળી દિવ્યપુરૂષે સાત્વિક હાકલ મારી જણાવ્યું કે-યોગિવર ! તમારી તપસ્યાથી હું સંતુષ્ટ થયો છું. હવે આ કષ્ટ શામાટે સહો છો ? બોલો બોલો જલ્દી બોલો. શું તમારા શરીરને મદમાતી અપ્સરાનાં સુખ દેનારા ખલકમાં લઇ જાઉં ? શું પલકમાં તમોને અદ્વૈત સુખ દેનારા મોક્ષમાં લઈ જાઉં ? કે શું તમારા ચરણારવિંદમાં ત્રણે લોકને સાષ્ટાંગ દંડવત કરાવું ? કહો, કહો યોગિરાજ ! તમોને શું જોઈએ છે, તે સત્વર જણાવો કે હું તમોને તે વસ્તુ મેળવી આપું.

યોગિરાજ આ સાંભળવાને નવરાજ ન હતા. તેમને આવા વરદાનોની તમાજ ન હતી. તેમનું જ્ઞાનબિંદુ કાંઇ અનેરા અચલ સ્થાનમાં લયલીન હતું.

આ પ્રમાણે જીવન મરણની સમસ્યા ઉકલાવનારા વીશવીશ પ્રસંગો આવવા છતાં યોગીન્દ્ર તો મેરૂપર્વતની પેઠે અટલ-અચલ હતા.

સંગમકદેવ થાકયો " યોગિ ખેપાની છે, જેમ તેમ ગાંજે તેમ નથી, માટે હવે આજે કાંઈ નહીં. કાલે આવીશ " એમ કહી આસુરી બાજી સંકેલી, ત્યાંથી બહાર નીકળ્યો.

\+ \+ \+ \+ \+

રાત્રિ વીતિ, સવાર થયું. અને યોગિરાજ વાલુકાગામ તરફ ચાલ્યા. વેલુમાં આવ્યા. એકજવાર ભેટતાં પર્વતને રાઈરાઈની જેમ વીખેરી નાખે એવા કાવત્રાબાજ સંગમકના પાંચસો ચોરો મળ્યા. તેઓ યોગિને મામો મામો કહી ભેટી પડ્યા.

યોગિરાજ ભીક્ષા માટે વાલુકામાં ગયા. પરંતુ તેમનું શરીર વિટ જેવું દેખાવા લાગ્યું. એટલે તરૂણીઓના પ્રહારો સહી નીકળી ગયા. સુભોમમાં ગયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં પણ ભીક્ષા માટે ફરતાં સ્ત્રીઓએ તડાપીટ કરી. જેથી બહાર નીકળ્યા; **સુક્ષેત્ર** ગામમાં જતાં તો દેવકૃત હાસ્ય, ગાન, અટ્ટહાસ્ય અને કટાક્ષના પ્રસંગો ઉપસ્થિત થયા, માર પડ્યો અને યોગિ નગરની બહાર ચાલ્યા ગયા.

હવે યોગીન્દ્ર **મલયમાં** ગયા, ત્યાં તો યોગિનું ઉન્મત્તરૂપ દેખાવા લાગ્યું જેથી બાળકો ભય પામ્યા. કેટલાકે રાખ નાખી. કચરો ઉડાડ્યો. ઢેખાળા ફેંકયા, બાળાઓએ ભયભીત બની માતાપિતા પાસે રાવ ખાધી, યોગીન્દ્રને મારનું દાન કર્યું, અને તે ગામનો ત્યાગ કરવા જેવી સ્થિતિમાં લાવી મૂકયા.

યોગીન્દ્ર ભીક્ષા માટે **હસ્તિશિર્ષ** ગામમાં ગયા, અહીંપણ જાણે તે યોગિને બદલે તેજ નામ ધારી બીજો યોગી હોય એવી રૂપની ભયાનકતા તથા દરેક અંગની કામાંધતા ભાસમાન થવા લાગી, બાળાઓની સમીપમાં શરીરવિકાર વ્યકત દેખાયો જેથી યોગીને માર પડયો.

વળી યોગી શરીર પરિવર્તન પામ્યું. માનોકે રૂપરૂપનો અંબાર *મકરધ્વજની જીવંત પ્રતિમા તેમને દેખતાવાર કામદેવની ચીણગારીઓ ઉછળે, મહિલા મંડળમાં વિકાર પ્રકટયો અને જનમાં યોગિની પારાવાર નીંદા થવા લાગી, પણ ઇંદ્રે આવી પ્રભુને પૂજી શુશ્રૂષા કરી લોકોને વસ્તુસ્થિતિથી વાકેફ કર્યા.

યોગિએ જોયું કે–આગાઢ અપભ્રાજના અને એ અનેષણા (સદોષ આહાર) થાય છે. આ કાવત્રું શ્રીયુત સંગમકનું છે. જો મારા ગામમાં જવાથી તે રાજી નથી તો હું ગામમાં જાઉં તેથી નુકશાની છે. જેથી હાલ તુરતને માટે ગામનો સદંતર ત્યાગ કરવો એમાંજ હિતસ્વિતા રહેલ છે. આ પ્રમાણે વિચારી યોગીન્દ્રે એકાંત નિર્માનુષી સ્થાનમાં વાસ કર્યો.

સંગમક હસતાં હસતાં બોલ્યો કે–જોગીડા, જોયો મારો પ્રભાવ? મારા હુકમથી હવે તું આ સ્થાનમાંથી બીજે જવાને શકિતવાન નથી, છતાં હજી મનમાં અભખરો રહેતો હોય તો ગામમાં જાતો ખરો? અને જોઈ લે કે શું વીતક વીતે છે? તે આ પ્રમાણે કહી યોગિને ગામ બહાર જ હેરાન કરવા નવી જાળ ગુંથવા ચાલ્યો ગયો.

---

* અહીં મૂળ પાઠમાં કેટલાએક એવા પ્રાકૃત શબ્દો છે કે જેનું અક્ષરશઃ ગુજરાતી અવતરણ કરવામાં ઘણી મુશ્કેલીઓ નડે તેમ છે; એમ માની શકાય કે કેટલાકના તો ગુજરાતી પર્યાય શબ્દો પણ નહીં હોય જેથી અહીં વસ્તુના સબંધને સ્પષ્ટ કરવા પુરતો ઉલ્લેખ કરેલ છે. જ્યારે હું આ લેખ લખી રહ્યો છું ત્યારે એક બીજા મહાશય પણ આજ સંબંધમાં કાંઇ લખી રહ્યા છે. હું ધારૂં છું કે તેઓ વિશેષ સ્પષ્ટતા કરે. વળી આ લેખમાં અન્ય મતને મતાંતર તરીકે સ્થાન આપ્યું નથી પણ તે બંને બીનાનો સ્વિકાર કરી પૂર્વાપર સંબંધ તરીકે ગોઠવેલ છે.

લેખક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવેન્દ્રે આવી યોગીન્દ્રને સુખશાતા પુછી, અને યોગીન્દ્ર પણ તોસલી નગરની બહાર પ્રતિમાધ્યાને ઉભા રહ્યા.

એક ધાડ પાડવાના ઉપકરણો લઇ ઘરોઘરની તપાસ કરતો બાળયોગી **તોસલીમાં** ફરતો હતો તેને કોટવાળે પકડી ખૂબ માર માર્યો. બાળયોગીએ બે હાથ જોડી ગદગદ કંઠે કહ્યું કે—ભાઇ સાહેબ, મને મારશો નહીં મને તો મારા ધર્માચાર્યે મોકલ્યો છે એટલે આવ્યો છું. કોટવાળ તાડુકયો, એ લુચ્ચાનો સરદાર તારો ધર્માચાર્ય કયો ? બાળયોગીએ ઉત્તર વાળ્યો કે બહાર ઉદ્યાનમાં ધ્યાન કરીને ઉભા છે. ઠીક ઠીક એ યોગિનેજ પાંશરો કરવો જોઇએ, એમ કહેતો કોટવાળ યોગીન્દ્ર પાસે પહોંચ્યો. પ્રથમ ગડદા પાટુ કરી પછી હાથે દોરડા બાંધી યોગિને જલ્લાદને સોંપ્યો. જલ્લાદ પણ મોટો કુહાડો લઇ યોગિને વધસ્થાને લઇ ગયો. પણ ઇંદ્રજાળીઆ ભૂતિલે કુંડગ્રામમાં આ યોગિને જોયા હતા, તેણે ઓળખી "આ શિષ્ટ પુરૂષ છે" એમ કહી તેને છોડાવ્યા. તોસલીના અમલદાર વર્ગે પણ પોતાની ભૂલ માટે માફી માગી. અને તપાસ કરતાં બાળયોગિનો પત્તો લાગ્યો નહીં. તેથી જાણ્યું કે–આતો **સંગમક** દેવની ધમાલ છે.

યોગીન્દ્ર **મોસલી** આવ્યા છે. એટલે એક ક્ષુલ્લક માર્ગમાં ઝીણવટથી તપાસ કરતો મોસલીની ગલીએ ગલીએ ફરતો હતો. લોકોએ વહેમાઇ તેને પકડયો અને પૂછયું કે અલ્યા શું જુવે છે ? કાંઇ ખોવાઇ ગયું છે કે ? ક્ષુલ્લકે ઠાવકાઇથી જણાવ્યું કે ખોવાઇ તો શું જાય, પણ છે ને તે મારા યોગિ બાપુજી રાત્રે ખાતર પાડવા આવે ત્યારે તેના પગમાં કાંટા ન વાગે એટલા માટે માર્ગ સાફ કરૂં છું.

લોકોએ આશ્ચર્યથી પુછયું. એ તારો બાપુડો કયાં છે ? ક્ષુલ્લકે કાંપતે શરીરે જણાવી આપ્યું કે—બહાર ઉદ્યાનમાં ઉભા છે. લોકોએ ઉદ્યાનમાં જઇ તપાસ્યું તો મસ્ત યોગી ઉભા હતા. અને પાસે ખાતર પાડવાના ઉપકરણો પડયા હતા. લોકોએ તુરત હાથ કડી કરી પકડયા અને વધકાર્યના નાયકને સોંપ્યા. એટલામાં સિદ્ધાર્થ રાજાના મિત્ર સુમાગધ રાઠોડે ( ઠાકોરે ) યોગીન્દ્રને ઓળખ્યા અને છોડાવ્યા.

હવે તેમની કસોટીની અંતિમ–પરિસીમા હતી.

વળી તોસલીક ક્ષત્રિઓએ ચોરી કરવાના આરોપથી યોગિવરને પકડી ફાંસીને લાકડે ચડાવ્યા પણ દોરી તુટી ગઇ. બીજીવાર દોરી બાંધી ફાંસીએ લટકાવ્યા છતાંય દોરી તુટી ગઇ. ત્રીજીવાર ચોથીવાર એમ સાતવાર ફાંસીએ ચડાવ્યા, અને સાતેવાર તડુક તડુક કરતાં દોરી તુટી ગઇ. તુરત તોસલિક ક્ષત્રિઓનો પ્રમુખ બોલ્યો, અરે ભાઇઓ, આતો કોઇ નિર્દોષને ચોર તરીકે પકડી લાવ્યા છો. માટે તે હરામી ક્ષુલ્લકને પકડી લાવો. પણ ક્ષુલ્લક તો જગતમાંજ હતો નહીં. બસ નાગરીકોએ જાણ્યું કે મહાપુરૂષની વિટંબના કરવામાં આપણને હથીયાર રૂપ કરી સંગમકે ફસાવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગિરાજ **સિદ્ધાર્થપુર**માં પણ ક્ષુલ્લકે કરાવેલ ચોરની ભ્રાંતિથી સપડાયા. પણ કુંડગ્રામમાં ભેગા થયેલ ઘોડાના વેપારી કૌશિકે યોગીને ઓળખ્યા અને છોડાવ્યા.

* * * * *

યોગીએ વિચાર્યું કે આમને આમ છ છ મહિના ચાલ્યા ગયા પણ હવે તે દેવ ખુશ ખુશ થઈ ચાલ્યો ગયો હશે, માટે હવે આ **વ્રજગામ** ગોકુળમાં જાઉં કે જ્યાં નિર્દોષ ખીર મળી શકે તેમ છે.

યોગીન્દ્ર આ પ્રમાણે ચિંતવી ગોચરી માટે ગોકુળમાં આવ્યા. પણ જ્યાં જુએ ત્યાં દોષિત આહારજ હતો.

યોગીન્દ્રે ધાર્યું કે—હજી સંગમક ધરાયો નથી. “ અસ્તુ. ” એમ વિકલ્પી અર્ધ માર્ગેથીજ પાછા વળી નગર બહાર પ્રતિમાધ્યાને સ્થિર રહ્યા.

દેવની કલ્પનાના પાહરમાં એવો મનમોજી શિલાલેખ કોતરાયો હતો કે–હવે તો હદ થઇ છે. નક્કી યોગીશ્વરની ધીરતા તુટવા આવી છે, પણ તપાસ કરી તો માલુમ પડયું કે યોગિરાજમાં નર્યો–અખૂટ સંતોષ ભરેલો છે. તેમની મનોદશા અજબ આનંદસાગરને હીલોળે છે. અરે, મારી છ મહિનાની મહેનત ધૂળમાં ગઇ અને હજીપણ અહીં હાયધોશ કરીને મરી જાઉં, તોપણ શું આ મહાત્માનું રૂંવાડુંયે ફરકવાનું છે ?

એમ જોતાં તુરતજ તે ખંચકાયો–ક્ષોભ પામ્યો અને સિદ્ધર્ષિને પગે પડી ગળગળો થઈ બોલ્યો કે--પ્રભુ ! પ્રભુ ! હું ભૂલ્યો. દેવપતિ કહે છે તે નિર્વિવાદ સત્ય છે. મેં તેમાં બેપરવાઈ બની અક્ષમ્ય અપરાધ કર્યો છે. ભગવન્! મારા પાપ માટે સત્યઘાતકતા માટે મને માફી બક્ષો. હું હાર્યો છું. તમો જીત્યા છો. તમારી પ્રતિજ્ઞા સમાપ્ત થઇ છે.

દેવાધિદેવ ! હવે હું ઉપસર્ગ કરવાનું પાતક વહોરીશ નહીં. આપ સુખેથી ભૂતલમાં વિચરો.

અત્યાર સુધી યોગીન્દ્ર મૌન હતા. તેમણે ગંભીર વાણીથી ઉત્તર વાળ્યો કે– સંગમક ! ( એક વ્યકિત મારા નિમિત્તે કેવા કર્મો બાંધે છે. મને માત્ર એટલી જ વિચારણા દુભવે છે બાકી ) હું કોઇના કહેવાથી ફરતો નથી. તેમ બીજાના કથનથી હુકમથી, ઉભો રહેતો નથી. માત્ર મારી ઈચ્છાથી ફરૂં છું અને મારીજ મરજીથી ઉભો રહું છું.

આવો બે પરવાઇ ઉત્તર સાંભળી સંગમકે ચલતી પકડી.

યોગીન્દ્રને તે દિવસે ખીર મળી નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજે દિવસે વજ્રગામના ગોકુળની **વૃદ્ધવત્સપાલિકાએ** આ યોગીન્દ્રને ઠંડી ખીરનું દાન કર્યું. અને ત્યાંજ સુપાત્ર દાનના પ્રભાવથી પંચદિવ્ય પ્રકટ થયાં.

* * * * *

યોગીન્દ્ર આલંભિકામાં આવ્યા. ત્યાં દેવેન્દ્ર, વિદ્યુતેન્દ્ર, કુમારેન્દ્ર વિગેરે વિગેરે આત્માને પુનિત કરવા માટે યોગીન્દ્ર પાસે આવ્યા. અને વંદન સુશ્રૂષા કરી જણાવ્યું કે, પ્રભો ? આપને ટુંક વખતમાંજ અનાવરણ સંપૂર્ણ જ્ઞાન–કેવળજ્ઞાનની પ્રાપ્તિ થનાર છે.

* * * * *

આ યોગીન્દ્ર તે અઢી હજાર વર્ષ પહેલાનો જગદુદ્ધારક. જગતને સત્યના સંદેશા પહોંચાડનાર, સુભટ, દયાળુતાનો જીવંત તેજઃપૂંજ, પરોપકારની પરાકાષ્ટાએ ચાલતો દુર્ધર સિદ્ધર્ષિ, જ્ઞાત કુળનો રાજસુત, સિદ્ધાર્થનો વર્ધમાન કુમાર અને વિશ્વત્રયીનો તીર્થંકર–તારણહાર પરમાત્મા **મહાવીર.** ૐ વીર ! વીર ! વીર !

**લી૦ મુનિ દર્શનવિજય.**

# સાહિત્ય મિમાંસા.

જીજ્ઞાસુ—તમો જૈન આગમોને સાહિત્યમાં ગણો છો ?

સાહિત્યક—મને તે માટે પ્રેમ છે, પણ તે સાહિત્યસૃષ્ટિ નથી.

જીજ્ઞાસુ—કેમ ? શું ક્ષતિ છે ?—

સાહિત્યક—તેનું રહસ્ય સમજી શકાતું નથી.

જીજ્ઞાસુ—તમો ન સમજી શકો એટલે તેનો સાહિત્યમાંથી બહિષ્કાર ?

સાહિત્યક—એમાં કળા નથી, સૃજન નથી.

જીજ્ઞાસુ—जे **एगं जाणइ से सव्वं जाणइ;**
**जे सव्वं जाणइ से एगं जाणइ.** આ શું ?

સાહિત્યક—તદ્દન નિસ્તેજવાકય, એમાં કયાં સાહિત્યનું ઓજસ્ છે. એને તમારૂં આગમ કહો, જીનપ્રવચન કહો, ધર્મોપદેશ કહો, તમારૂં નીતિશાસ્ત્ર કહો, ગમે તે કહો, મારૂં મંતવ્ય એટલુંજ છે કે તે સાહિત્ય નથી.

જીજ્ઞાસુ—હું માનું છું કે તમારી કલ્પના પ્રમાણે તો એક સંપૂર્ણ જ્ઞાની પુરૂષે કહ્યું— **जे एगं०**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહિત્યક—પ્રાચીન ગ્રંથોમાં જ્યાં જોઈએ ત્યાં પુરૂષોનીજ વાતચીત છે ને ?

જીજ્ઞાસુ—તમારા અભિપ્રાય પ્રમાણે આ વકતા સ્ત્રીપાત્ર છે. અને તે જણાવે છે કે **जे एगं०** જે સ્ત્રીહૃદયને પીછાણે છે તે સમસ્ત જગતને પીછાણે છે. અને અશેષ જગતનો પીછાણનાર તે જ હોય કે જે સ્ત્રી જગતની મહત્તા માપી શકે, ઇત્યાદિ. વિગેરે–વિગેરે.

સાહિત્યક—ઠીક છે અસરકારક છે. નજીવી છટા છતાં સામાન્ય કોટિનું આકર્ષણ ખરૂં;

જીજ્ઞાસુ—હવે માની લ્યો કે રણના મોખરે પોતાની તરવારને હાથમાં ચમકાવતો ફ્રાન્સ નરવીર નેપોલીયન બોનાપાર્ટ સિંહગર્જના કરે છે કે-**जे एगं जाणइ०** જે નેપોલીયનને જાણે છે, તે પોતાની તીક્ષ્ણ દૃષ્ટિએ તે સમયના યુરોપને નીહાળે છે. જે નેપોલીયનના સમયના યુરોપને ઓળખે છે તે નેપોલીયન બોનાપાર્ટને કદીય નહીં ભૂલે.

સાહિત્યક—ઉત્કૃષ્ટ, સુંદરતમ.

જીજ્ઞાસુ—એક અસીમ બુદ્ધિશાળી ફ્રાન્સ રમણીના આસ્યસદનમાંથી રૂપાની ઘંટડીનો સૂર નીકળે છે કે—

**जे एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणइ से एगं जाणइ.**

જે સાહિત્યક છે, તે પારદૃષ્ટા છે. જે પારદૃષ્ટા છે, તે સાહિત્યક ન હોય તો શું ન્યૂન છે–પારદૃષ્ટા નથીજ. આ બુદ્ધિપારમિતાનું અટલ સત્ય છે. સત્યનું ગુંજન એજ સાહિત્યકનો આત્મા છે. સાહિત્યકમાં ઓજસની પરિસીમા છે. સાહિત્યકનો આત્મા ઉછળે છે, એટલે જગત પણ અનંત આકાશમાં અદ્વૈત ગતિથી પ્રેરાય છે–ઉંચે જાય છે. જગત ઉંચે ચઢે છે. એટલે સાહિત્યકનો આનંદોત્સવ હલેસાં લ્યે છે.

સાહિત્યક—અદ્દભૂત, અપૂર્વ, સાહિત્ય, સૃજન, કળા.

ૐ વીર વીર વીર.

પેથાપુર, મહીકાંઠા }
પ્ર૦ ચૈ. સુ. ૩ મંગળ }

લેખક,
વિહારી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રાચીન ગુફાઓ.

અત્યારના સમયમાં ભલે આપણે દેવાલયો કે અન્ય કીર્તિસ્થંભોની કારીગરીમાં વર્તમાન પાશ્ચિમાત્ય પદ્ધતિનું અનુકરણ કરી આનંદ માનીએ, પણ તેથી આપણી પૂર્વકાળની કળાને મૃતપ્રાય: કરવામાં સ્હાયક બનીએ છીએ તેનો જરા માત્ર ખ્યાલ આપણને રહેતો નથી. અને એ વાત ઓછી શોચનીય નથીજ. જીર્ણોદ્ધારાદિ કાર્યોનો હેતુ પ્રાચીન કાળની કારીગરી, શિલ્પકળા કે કોરણીને જાળવી રાખવારૂપ હોઇ શકે. ભવિષ્યની પ્રજાને પોતાના ભૂતકાળનું ગૌરવ સ્મરણપટમાં રાખવાના તેમજ તેમનામાં તેવું કરી દેખાડવાની નવચેતન પ્રેરણાના કાર્યમાં તે એક સર્વોત્તમ સાધન છે. આપણી જૈન સમાજે આ વાત ખાસ લક્ષમાં રાખવા જેવી છે; કેમકે આપણા ઘણા જીર્ણોદ્ધારોમાં આપણે પુરાતનકાળની કળાને છિન્નભિન્ન કરી નાંખી તેને બદલે વર્તમાનકાળની ફેશન દાખલ કરવામાં એટલી હદે ઉંડા ઉતરી ગયા છીએ કે, જેથી આપણી કેટલીક પ્રાચીન વસ્તુઓને સનાતનતાના ઉચ્ચતમ સ્થાનમાંથી ગડબડાવી દઇ તેમને નવિનતાના ક્ષણિક સ્વાંગમાં મૂકી દીધી છે; તેથી કેટલાક શોધકો તેમાં પુરાણતાનો અંશ ન જોઇ તેમને વર્તમાનકાળની કૃતિ ગણવા લલચાય તો તેમાં આશ્ચર્ય જેવું નથી.

આજે આપણે મુંબઇ પાસે આવેલી 'એલીફન્ટા કેવ' કે બોરીવલીની 'કેનેરી ગુફાઓ' જોઇએ છીએ, ત્યારે ઉપરોક્ત વિચારોમાં રહેલ રહસ્ય સમજાય છે. એ કૃતિઓ જોતાં અનુમાનથી એમ કહી શકાય કે લગભગ તેને બે હજાર વર્ષો વીત્યાં હશે. શરૂઆતમાં તેના જન્મદાતા બૌદ્ધો હોવા જોઇએ અને તેમને પથ્થરની પરીક્ષાનું તેમજ શિલ્પકળાનું ઘણા સારા પ્રમાણમાં જ્ઞાન હોવું જોઇએ. તે વિનાં આવી મનોહર કૃતિઓની આશા રાખવી એ 'ખકુસુમવત્' નિષ્ફળ કહી શકાય. હાથી ગુફાનો કબજો પાછળથી શિવધર્મીઓના હાથમાં આવ્યાથી અત્યારના વિદ્યમાન આકારો મોટા ભાગે તે ધર્મના પ્રણેતાઓના છે. જો કે થોડાક સિવાયના લગભગ દરેકને અમુક ભાગ તોડી ફોડીને બેડોળ બનાવવામાં આવેલાં છે. છતાં પ્રેક્ષકને એ સ્થાન નિરખતાંજ અપૂર્વ આલ્હાદ અને તેના સ્થાપક માટે પૂર્ણ માન પેદા થાય છે. સંરક્ષણ સરકારના હસ્તમાં હોવાથી પ્રાચીનતાનું સ્વરૂપ ટકી રહેવા પામ્યું છે અને કોઇક સ્થળે મરામત થયેલ છે. જે મૂલ કૃતિને અનુરૂપ છે. કેનેરી ગુફાઓમાં આ સ્થિતિ નથી જળવાઇ જેથી મોટો ભાગ શીર્ણ વિશીર્ણ થઇ ગયો છે. અને માત્ર બે ત્રણ ગુફાઓ સિવાય બાકીની કોતરરૂપ બની રહી છે. દરેક ગુફાની બાજુમાં પાણી ભરવા માટે ટાંકાના આકારનું ભોંયરૂં હોય છે, તેમજ આંતરિક વ્યવસ્થા પણ એવી બુદ્ધિમત્તાથી કરાયલી છે કે જે ધ્યાન વા ચિંતન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે સંપૂર્ણપણે સાનુકૂળ છે. આવીજ ગુફાઓ તળાજામાં પણ દૃષ્ટિગોચર થાય છે. તાલધ્વજ ગિરિ પહાડ ચઢાણમાં બહુ નથી એટલે દશ મિનિટના ગાળામાં તો ઉપર પહોંચી શકાય છે. તે ઉપર એલીફન્ટા અને કેનેરીને મળતી, તેમજ તેવીજ બાંધણીની નાની મોટી પંદર વીશ ગુફાઓ આવી છે. જેમાંની ' એભલમંડપ ' તથા ' ખોડીયારના મંદિર ' વાળી ગુફાઓ વિશાળ છે. અને પ્રેક્ષકનું ધ્યાન ખેંચે તેવી છે. કાળના કરાળ પંજાએ ઉપર વર્ણિત સ્થાનો માફક તેનાપર પણ પ્રહાર કર્યો છે છતાં આ નામશેષો પૂર્વકાળની શિલ્પકળાનો તાદૃશ ચિતાર ખડો કરે છે. તાલધ્વજ ગિરિ ઉપર જૈનોના ત્રણ વિશાળ દેરાસરો થોડે થોડે અંતરે આવેલાં છે; વળી આ લઘુ ડુંગરી પવિત્ર એવા શત્રુંજય ગિરિની એક ટુંક ગણાતી હોવાથી તેનું મહાત્મ્ય પણ અપૂર્વ છે. પ્રતિદિન સંખ્યાબંધ યાત્રાળુઓ દર્શનાર્થે આવતાં જતાં હોવાથી આ સ્થાનપર આવેલી ગુફાઓને સાફ સુફ કરાવી તેના સંરક્ષણનો યોગ્ય બંદોબસ્ત કરવામાં આવે અને મોટી ગુફાના મંડપને વ્યાખ્યાન સ્થાન તરીકે વપરાશમાં લેવાય તો શ્રોતા વર્ગને કુદરતના ખોળામાં બેસી તત્વામૃત રસનું પાન કરવાનું ઘણું સુગમતા ભર્યું અને આનંદદાયક બને. ચાલુ વિષયમાં વિચરતા એ વાત પ્રત્યક્ષ સમજાઈ જાય તેવી છે કે બે હજાર વર્ષ પૂર્વે ભારતવર્ષમાં બૌદ્ધનુ સ્થાન ગૌરવ ભર્યું હતું અને સાથે સાથે એ વાતનો પણ સ્ફોટ થઈ જાય છે કે જૂદા જૂદા સંપ્રદાયવાળાઓએ ધ્યાન, ચિંતન યાતો મનનને માટે પૃથ્વીતળ પરના અન્ય સ્થાનો કરતાં પાર્વતીય પ્રદેશને અતિ મહત્વ આપ્યું હતું. વળી તે સમયે જનતાનો મોટો ભાગ શિલ્પકળામાં નિષ્ણાત હોવો જોઇએ કે જેથી તેમની કૃતિમાં ડગલેને પગલે તેનો આપણને ભાસ થાય છે. આજે પણ આબુના દેવાલયો કોરણીને માટે વિશ્વવિખ્યાત છે જે તેના પુરાવા રૂપ છે. જૈન સમાજે હવે એટલું તો સમજવું ઘટે કે જુની કળાને તોડફોડ નહિં કરતાં સાચવી રાખી તેનું સંરક્ષણ કરવામાંજ ખરૂં ગૌરવ સમાયલું છે.

લે૦ મોહનલાલ દી. ચોકસી.

# અપૂર્વ દાન.

પૃથ્વી ઉપર સવિતા નારાયણના આવાગમનની વધામણીમાં જાણે ગુલાલ ઉડાડ્યો હોય તેમ બધું લાલ થઈ ગયુ હતું. એક બાજુ પક્ષિગણ પોતાના સુંદર કીલકીલાટ દ્વારા ગીત ગાઈ રહ્યાં હતાં. બાલકો અભ્યાસના ધ્વનિ મચાવી રહ્યા હતા. મંદિરોમાં સુંદર વાજીંત્ર અને નોબતો વાગી રહી હતી. મંદિરોમાં થતા ઘંટના સુંદર રણકાર જાણે કોઈ મહર્ષિનો વિજયડંકો વગાડતા હોય તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાજતા હતા. આ વખતે એક વીરપુરૂષ વૃષભની ગતિથી વિહાર કરી ચાલ્યા જતા હતા. તેમના ભવ્ય લલાટ ઉપર બ્રહ્મચર્યનું સુંદર પ્રશાંત તેજ ઝબકી રહ્યું હતું. મુખ ઉપર જાણે કોઇ મહાન્ તત્વની શોધ કરતા હોય તેવી છાયા દીસી રહી હતી. તેમની આંખોમાં સુધાકરનું અમી વર્ષતું હતું. તેમની દેહદ્રષ્ટિ સુંદર ચંપકવર્ણિ હતી. તેમને જોતાં સ્હેજ જણાઇ આવતું હતું કે આ ભોગી નહિં પણ ત્યાગી છે. રાગી નહિં પણ અરાગી—વીતરાગી છે. માની નહિં કિન્તુ અમાની—નિરાભિમાની છે. લોભી નહિં પણ અલોભી—નિષ્પરીગ્રહી છે. ક્રોધી નહિં પરંતુ અક્રોધી—શાંત છે. છતાંય તેમનામાં નાતાકાત, કાયરતા કે સ્વાર્થીપણું નથી. તેમનામાં છે મહાન્ સત્વ, વીરતા અને પરોપકાર. પોતે તત્વજ્ઞ છે છતાં તેની અહંતા કે આડંબર નથી. તેઓ દયાના સાગર છે, પરન્તુ કર્મ શત્રુને જીતવા તો (રણકુશળ યોદ્ધો છે ) તેઓ શાંતિના અવતાર છે. છતાં આંતર શત્રુઓ પ્રત્યે તેમનો ક્રોધ સ્પષ્ટ દીસે છે. તેઓ પવિત્રતાની મૂર્તિ છે. છતાં તેમનામાં અપવિત્રતા પ્રત્યે તિરસ્કાર કે ક્રોધ નથી. ત્યાં તો છે દયા અને ક્ષમા. તેઓ આંતર શત્રુઓ સામે ઝુઝી રહ્યા છે છતાં બાહ્ય શત્રુઓ— વિરોધીઓ તરફ તો મૌન અને અજબ શાંતિનું અપૂર્વ શસ્ત્ર ધારણ કરીને બેઠા છે.—પોતાનો બચાવ કરે છે. એવો **વીર ધીર યોગી પુરૂષ તે કોણ હશે ? બીજું કોઇ નહિં પરંતુ જગદુદ્ધારક પરમાત્મા મહાવીર દેવ,** દુનિયાભરના માનવીઓમાં જે આવો પુરૂષ હોય તેને પરમ કૃપાળુ શ્રી મહાવીર દેવ તરીકે ઓળખવા.

એક વખતે સંધ્યા સમયે એક, કભારજા સ્ત્રી તેના પતિને નિચે પ્રમાણે ઠપકો આપતી હતી.

બ્રાહ્મણી—તમે આટલા બધા વર્ષો કયાં રખડતા હતા ?

બ્રાહ્મણ—તારા કહેવાથી પરદેશ કમાવા ગયો હતો. પરન્તુ તારા અને મારા નશીબે કાંઇ પણ મળ્યું નહિં અને ભીખની ભીખ રહી.

બ્રાહ્મણી—તમે તો તદ્દન નફટ અને નિર્લજ્જ છો. તમને આવું બોલતાં શરમ પણ નથી આવતી. કમાવાની તાકાત નહોતી તો પરણ્યા શું કરવા ?

બ્રાહ્મણ—પણ હું શું કરૂં ? મેં તો મારાથી બન્યા તેટલા પ્રયાસ કમાવા માટે કર્યા. પણ આપણું નશીબજ ફૂટેલું ત્યાં મારૂં કાંઇ ન ચાલ્યું. મારી વર્ષોની મહેનત નિષ્ફળ ગઇ. એક બાજુ કમાતો જાઉં જ્યારે બીજી તરફ ખોવાતું જાય અન્તે થાકી હારી ઘર ભેગો થયો. હવે તો તાંબડી લઇ **भिक्षां देहि** કરીશું ને ઉદર નિર્વાહ કરીશું.

બ્રાહ્મણી—તમે તો તદ્દન બાયલા જેવાજ રહ્યા. ચુડીયો પહેરો ચુડીયો. તમે તે શું ઉકાળવાના હતા. મૂઆં મારાં માબાપોએ વિચાર કર્યા વિના ખાડામાં નાખી ( આમ કહી સ્ત્રી સુલભ આંસુ લાવી રડે છે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રાહ્મણ—તું આજે આ શું કકળાટ લઈ બેઠી છો. હું ઘણે વર્ષે વિદેશથી આવ્યો છું. ત્યારે આજતો આનંદથી વાતચીત કરવી જોઈએ. બૈરાંની જાતજ સ્વાર્થીલી રહી. બસ પૈસો પૈસો ને પૈસોજ જોઈએ. કમાવું હોય તો ખબર પડે કે કેમ પૈસો કમાવાય છે.

બ્રાહ્મણી—( ક્રોધથી તપી જઈને ) તમને તો બોલતાંજ આવડયું છે. એક તો આટલા વર્ષો રખડયા અને રાતી પાઈ પણ કમાયા સિવાય ઘેર આવ્યા ને પાછા મારા ઉપર ક્રોધ કરો છો. આના કરતાં બહાર ગામ ન ગયા હોત અને અહીંને અહીં ભીક્ષા માગી હોત તો પણ કાગડાં કુતરાં પેટ ભરે છે તેમ આપણું પેટ ભરાત. હા, પણ એક વાત તો કહેવી ભૂલી જ ગઈ. આપણે ભીખે ન માગવી પડત, અને ઘેર બેઠા વગર મહેનતે આપણે લખેશરી થઈ જાત! તેવો પ્રસંગ આવ્યો હતો. પણ તમે ઘેર નહિ એટલે શું થાય ?

બ્રાહ્મણ—શું કોઈ જજમાને જગન બગન કર્યો હતો ?

બ્રાહ્મણી—નારે ના, એવું તો કશું ન્હોતું. પણ આપણા અહીંના રાજા સાહેબ સિદ્ધાર્થ દેવના **નાનકડા લાડકવાયા કુમારે ઘરબાર, રાજપાટ, પૈસો ટકો, બૈરાં ને છોડી સાધુપણું લીધું-દીક્ષા લીધી.**

બ્રાહ્મણ—( ઉતાવળથી ) પણ તેમણે દીક્ષા લીધી તેથી આપણે શું દળદર ફિટવાનું હતું.

બ્રાહ્મણી—અરે પણ તમે સાંભળો તો ખરા, આટલું પરદેશ રખડયા પણ હજી તમારામાં અક્કલજ નથી આવી. હજીતો હું કહું છું ત્યાં તો વચ્ચેજ બોલી ઉઠો છો.

બ્રાહ્મણ—ઠીક ભૂલી ગયો. કહે શું છે ?

બ્રાહ્મણી—એ રાજ કુમારે દીક્ષા લીધી તે પહેલાં એક વરસ સુધી દરરોજ દાનજ આપ્યા કર્યું છે. બીજા શબ્દોમાં કહું તો સોનામહોરનો વર્ષાદજ વર્ષાવ્યો છે. એક દિવસનું એક **કરોડને એંસીલાખ સોના મહોરનું દાન આપતા** હતા. અને તે પણ પોતાને હાથેજ જેને જે જોઈએ તે આપતા. એમના દાનથી તો જગત્ ન્યાલ થઈ ગયું. મને તો લાગે છે કે તમારા સિવાય કોઈ ગરીબજ નહિ રહ્યું હોય. પરંતુ **અકર્મીના પડીયા કાણાં હોય.** જ્યારે અહીં દાન મળતું હતું ત્યારે પરદેશ જઈને પડયા અને દાન બંધ થયું ત્યારે પાછા ખાલી હાથે ઘરભેગા થયા. જો એક દિવસનું પ્રભુના હાથનું દાન આવ્યું હોત તો આપણે ક્રોડાધિપતિ થઈ જાત અને આ તાંબડી ફેરવવાનો સમય આપણને તો શું પણ આપણા છોકરાંને યે ન આવત.

બ્રાહ્મણ—હશે, પણ એતો મારી ભૂલ થઈ. હવે શું કરવું ? મને મારા નશી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનો વિચાર આવે છે. અમે ને એ રાજકુમાર સાથે રમ્યા હતા. નિશાળમાં પણ મેં તેમને જોયેલા. શું પંડિતાઇ ભરી હતી. ને પણ લગારે અભિમાન નહોતું. મોટા રાજકુમાર કહેવાય પણ બધાની સાથે મળતાવડા કોઇને કદી પણ દુખ થાય તેવું ન કરે. અમે એક દિવસે રમતા હતા, ત્યાં એક મોટો સાપ આવ્યો હતો. બધાં છોકરાં તો બીને રડતાં રડતાં દૂર નાસી ગયાં, ત્યારે એ દયાળુ વીર કુમારે તો સાપને આમ તેમ દોરડાની જેમ પકડી હાથે દૂર ફેંકી દીધો. એમણે દાન આપ્યું ત્યારે જો હું હોત તો મને વધારે દાન આપત. પણ એ રાજકુમારે દીક્ષા લીધી એતો હદ કરી છે. કોમળ રાજવી, શરીર, ટાઢ તડકો સહન કરી ફર્યા કરવું. સવામણની તળાઇને બદલે ભોંય ઉપર સુઇ જવું, એ તે કેમ બને ? ધન્ય છે **એ કુમારને કે આવી અવસ્થામાં પ્રભુને શોધવા સાધુપણું લીધું. તેમને પ્રભુનો મારગ જલ્દી હાથ આવવાનો ભાઇ** ? એ તો એવા તપસ્વીઓને ભગવાન દર્શન દે છે ને આપણા શાસ્ત્રમાં કહ્યું છે કે ધ્રુવને તપસ્યા કરવાથી શંકર ભગવાને આવી દર્શન દીધાં હતાં.

બ્રાહ્મણી—એ તમારા ધ્રુવ કરતાં આ કુમાર જુદા છે. આતો પોતેજ પ્રભુ છે.

બ્રાહ્મણ—ઠીક, હવે વાતો કર્યે શું વળવાનું હતું ?

બ્રાહ્મણી—હું બૈરૂં માણસ બીજું તો શું કહું, પણ એમ કરો. એ વર્દ્ધમાન કુમાર પાસે તમે જાઓ. તમને કંઇક આપશે. જો કે તેઓ સાધુ થયા છે, પરન્તુ જેમણે દાનથી આખી દુનિયાને તારી દીધી છે. તે તમને પણ કંઇક તો આપશેજ **કારણ કે ભાંગ્યું તોય ભરૂચ.** ભલે તે ત્યાગી થયા, સાધુ થયા પણ તેઓ કોઇકને કહેશે કે આ બ્રાહ્મણને કંઇક આપો અથવાતો પોતે આપશે. તેમનું હૃદય બહુ દયાળુ છે. મેં અહીં જોયું છે ને જે માગવા જાય તે કદી ખાલી હાથે પાછો આવ્યોજ નથી. થોડું આપશે તો પણ આપણું દળદર ફિટી જવાનું, માટે જો મારૂં કહ્યુ માનો તો જાઓ તેમની પછવાડે ને કરો સેવા તો જરૂર કંઇક આપશે.

બ્રાહ્મણ—( વિચાર કરી ) મેં મૂર્ખે જ્યારે પ્રભુએ પુષ્કળાવર્ત વર્ષાવ્યો, ખુબ દાન આપ્યું ત્યારે પરદેશ વેઠયો ને જ્યારે તેઓ ત્યાગી થયા, દાનનો વર્ષાદ બંધ થયો, ત્યારે દુષ્કાળની જેમ આવ્યો. ઠીક મારૂં ભાગ્ય અજમાવું. આમ કહી તે પ્રભુ પાસે માગવા નિકળ્યો.

ફરતાં ફરતાં પ્રભુને શોધી કાઢયા ને પ્રભુ વિહાર કરતા હતા તેમની પાસે ગયો. ત્યાં જઇ પ્રભુને નમી બધું નિરીક્ષણ કરી લીધું. પછી વિચાર કરવા માંડયો કે આ તો સાચા સાધુ છે. અમારા દંડાબાજ સાધુઓની માફક આની પાસે કાંઇ પણ નથી. એક ફૂટી દમડી પણ તેમની પાસે રહી નથી. તેઓ અપરિગ્રહી છે, વળી તેઓ મૌન છે. નહિં તો કોઇકને કહીને મને મદદ અપાવત. આ સાધુ પુરૂષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારે માટે મૌન તોડે એ પણુ કેમ બને ? પરન્તુ તેઓ તો દયાના સાગર છે. આવા પુરૂષને તો વચનમાં સિદ્ધિ હોય છે. અરેરે ! મારૂં ભાગ્ય તેવું કયાંથી હોય કે આ ત્યાગી પુરૂષ મને દાન આપે. આવા પુરૂષ પાસે તો દાન લેનાર પણુ ભાગ્યશાળી બને. ( આમ વિચાર કરી માગણી કરે છે. )

બ્રાહ્મણુ—હે વર્ધમાન કુમાર ! હે દીનદયાળ ! મારા પ્રભુ ! હું દીન આપ ઋષિવર પાસે દાન માગવા આવ્યો છું. મારા ઉપર કૃપા કરો. પ્રભો, હું નિર્ભાગી છું. જ્યારે આપે વાર્ષિક દાન આપ્યું ત્યારે હું પરદેશ રખડવા ગયો હતો. આવ્યો ત્યારે સાંભળ્યું કે આપ તો ખૂબ દાન આપી ત્યાગી થઇ ગયા. આપે તો પુષ્કળ દાન પહેલાં આપ્યું છે. મારા જેવા રાંકને થોડું આપશો તો બસ છે. કૃપાળુ પ્રભો, મારા ઉપર થોડી કૃપા કરો.

બસ, દયાનિધિ પ્રભુએ તેની પ્રાર્થના સાંભળી. તેને વિશેષ પ્રાર્થના ન કરવી પડી. પ્રભુ પાસે દીક્ષા વખતે ઈંદ્ર મહારાજે આપેલું કિંમતી વસ્ત્ર—દેવદુષ્ય હતું પ્રભુને શરીર ઢાંકવા માટે આ એકજ વસ્ત્ર હતું. ટાઢ તડકો કે ચોમાસું આ એકજ વસ્ત્ર ઉપર ગાળ્યું હતું, પરન્તુ નિષ્પરીગ્રહી પ્રભુને તેની કાંઇ ચિંતા ન્હોતી. પોતાનું શું થશે તેનો વિચાર કર્યા વગરજ પોતાના એકના એક શરીર ઢાંકવાના વસ્ત્રમાંથી અડધું ફાડી ઉદાર મને હસ્તે મુખે તે બ્રાહ્મણુને આપ્યું. અહા ! તે સમયે કુદરત પણુ આ જોઇ હસી રહી હતી. વાહ પ્રભો ! નિર્મમત્વ ? આકાશમાંનો સૂર્ય પ્રભુનું આ દાન જોઇ મંદ ગતિએ ચાલી પોતાનો હર્ષ પ્રગટ કરી રહ્યો હતો. આકાશમાંના દેવો પ્રભુના દાનના ગુણગ્રામ કરી રહ્યા હતા. બસ, પ્રભુએ તો એ અડધું વસ્ત્ર આપ્યા પછી પોતાનો વિહાર ચાલુજ રાખ્યો હતો. વાહ સાચું નિર્મમત્વ, નિષ્પરિગ્રહત્વ અને ખરૂં દાન તે આનું નામ. પોતાનું શું થશે તેનો કાંઇ વિચારજ નહિં, તે સંબંધી કાંઇ ચિંતાજ નહિ.

પછી એ અર્ધા વસ્ત્રનું શું થયું ? તેને માટે જૈન શાસ્ત્રકારો કહે છે તે વસ્ત્ર પણુ તેમની પાસે નથી રહ્યું. પ્રભુ એક વખતે વિહારમાં ચાલ્યા જતા હતા ત્યાં અચાનક તે અર્ધું વસ્ત્ર કયાંક ઝરડામાં ભરાઇ ગયું અને અન્તે શરીર ઉપરથી સરી પડયું. પ્રભુએ તે વસ્ત્ર લેવાનો વિચાર સરખોય નથી કર્યો. તેમણે અંબર—આકાશ એજ વસ્ત્ર તે સ્થિતિ ખુશીથી સ્વીકારી લીધી. જે પુરૂષ પોતાના ગૃહસ્થ વાસમાં દરેક ઋતુએ ઋતુના જુદાં જુદાં વસ્ત્ર પહેરતા, રેશમનાં ઝીણાં ને મુલાયમ વસ્ત્રો તો સામાન્ય જેવાં હતાં તે પુરૂષે ત્યાગી થયા પછી એક વર્ષથી અધિક વસ્ત્ર પહેર્યાં પછી તો નિવસ્ત્રીજ જીંદગી વ્યતીત કરી. ટાઢ, તડકો, અને ચોમાસાના અનેક ઉપસર્ગો અને પરિસહો સમભાવે સહન કર્યા. ને અન્તે સાચું જ્ઞાન પ્રાપ્ત કરી—કેવલજ્ઞાન પ્રાપ્ત કરી જગતના જીવો ઉપર ઉપકાર કરી મોક્ષધામમાં સિધાવ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાનનું પડી ગયેલું અર્ધ વસ્ત્ર પુનરપિ તે બ્રાહ્મણેજ લીધું. તેને પહેલાંના અડધા વસ્ત્ર સાથે એક તનુવાય—વણકર પાસે સંધાવી તેને વેચી એક લાખ દીનાર—સોનામહોર પ્રાપ્ત કર્યા. બ્રાહ્મણ અને વણકરે તેને સરખે ભાગે વ્હેંચી લીધા. ભૂદેવ અને વણકરનું દાળદર ફિટિ ગયું. બ્રાહ્મણે ત્યારપછી કદી પણ ભિક્ષાની તાંબડી હાથ નથી ધરી અને વણકરે ત્રાક છોડી દઈ આખી જીંદગી પોતાના અન્નદાતાની ગુણગાથા ગાઈ પોતાનું જીવન સફળ કર્યું. ॐ शान्तिः

લે૦ મુનિ ન્યાયવિજય—મધુપુરી.

# શ્રી પવિત્ર શત્રુંજયતીર્થની યાત્રાએ શ્રી સંઘની આજ્ઞાથી હાલમાં જવાની બંધી.

શાશ્વતા **શ્રી સિદ્ધાચળજી** તીર્થ ઉપર યાત્રા કરવા નહીં જવાનું યોગ્યરીતે શ્રી સંઘની આજ્ઞાથી બંધ થતાં, દરેક જૈનને ખેદ થાય તે સ્વાભાવિક છે, છતાં અત્યારે શ્રી પાલીતાણા નામદાર નરેશની કેટલીક સંકુચિત વૃત્તિથી જૈનસમાજને પોતે તેવા સંયોગમાં મુકાવું પડે છે. જોકે ચાલીશવર્ષની રખોપાની મુદત અત્યારે પુરી થયેલ છે અને બીજા કેટલાક હક વગેરે બાબતના વાંધાઓ આપણી અને નામદાર ઠાકોર સાહેબ વચ્ચે પડેલા છે. તેનો બ્રીટીશ સરકારથી ફેંસલો થતાં, અથવા નવી શરતો થતાં સુધી કદાચ ચાલુ રીવાજ પ્રમાણે ચલાવ્યા કર્યું હોત તો નામદાર ઠાકોર સાહેબને તેવી કાંઈ ખોટ જવાની નહોતી, પરંતુ તેથી તે નામદારશ્રીની તે ઉદારવૃતિ વખાણવા લાયક થઇ પડત. ખેર ! તે પણ ઠીક, પરંતુ બે રૂપૈયા મુંડકા વેરો નાંખવાનો હાલમાં તેઓશ્રીના તરફથી કાયદો થતાં તે પણ ઠીક નહીં હોવા છતાં તે કાયદામાં પ્રેમ કે ઉદારતા વગેરે નથી દેખાતા એમ અનેક જૈન અને જૈનેતર મનુષ્યો એટલા માટે કહે છે કે, પહાડ ઉપરનો રસ્તો, રસ્તાની બંને બાજુની અમુક જમીન, કુંડ, વીસામા અને ઉપર ગઢની અંદરની તમામ સ્વતંત્ર માલેકી જૈન સમાજની છતાં, યાત્રાળુએ રામપોળથી પાસ લઇ દાખલ થવું અને ત્યાંથી ન નીકળતા ઈંગારશાહની બારીયેથીજ નીકળવું. આવા કાનુન જૈનોની સ્વતંત્ર માલેકી અને સ્વમાનનો ભંગ કરે છે તેટલુંજ નહીં પરંતુ કોઈ મનુષ્ય પોતાની સ્વતંત્ર માલેકીના મકાનમાં ગમેત્યાં ફરે, હરે, ગમે ત્યાંથી જાય આવે તેમાં કોઇની બંધી, આડખીલ અને અહીંથી જવાય અને અહીંથી નીકળાય તેવા હુકમ રાજ્ય કે કોઇપણ વ્યકિત કરી શકે જ નહીં છતાં પાલીતાણા રાજ્યનો આવો હુકમ તે અયોગ્ય છે. જે ઠેકાણેથી જાય ત્યાંથી પાછા શામાટે ન નીકળી શકાય ? તે પણ જૈન સમાજ ઉપરનો અવિશ્વાસ હોય તેમ દેખાય છે. આ સાથે યાત્રા કરવા જનાર માટે પાસ લેવા અને તે માટે કરેલ કાનુનો પણ એટલાબધા સંકુચિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવિશ્વાસ ઉત્પન્ન કરનાર હિંદુસ્તાનના સમગ્ર શ્રી સંઘને લાગ્યા છે કે જૈનોની તથા આ પવિત્ર તીર્થનું સ્વમાન અને સ્વતંત્રતા ગુમાવનાર છે, તેથી જ જૈન જેવી દયાળુ અને શાંત કોમ ( શાંતિપૂર્વકનો અસહકાર ) કરી શ્રી સંઘ જવાની આજ્ઞા ન કરે ત્યાંસુધી ન જવું એવો ઠરાવ કર્યો છે, અને અત્યાર સુધી તે માટે જૈનકોમ પોતાના વિચારદઢ રહી છે અને તે માટે દઢ રહેશે. ગિરનારજી તીર્થ જુનાગઢ સ્ટેટના રાજ્યમાં છે ત્યાં સાંભળવા પ્રમાણે અગાઉ કાંઇ લેવાતું હશે તે અત્યારેતો ( માફ ) બીલકુલ લેવાતું નથી, તેમ પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબે તેવીજ ઉદારતા આ સોનેરી પ્રસંગે બતાવી હોત તો તે યોગ્ય હોવા સાથે આખી જૈન સમાજ તેઓશ્રીના આભારમાં રહેત તેટલુંજ નહીં પરતું તેના બદલા તરીકે જૈન કોમની અપૂર્વ રાજ્યભક્તિ અને તેનો આર્થિક બદલો બંને નામદાર ઠાકોર સાહેબને ભવિષ્યમાં મળી રહ્યા વગર રહેત નહીં, આવી વસ્તુસ્થિતિ સમજાવવાને બદલે હાલમાં ઠાકોરસાહેબ તરફથી આ તીર્થસંબંધી ઉતાવળ કરી ચલાવવામાં આવતી પ્રવૃત્તિ અને તે માટે કરવામાં આવેલા કાનુનો માટે તેઓશ્રીને સલાહ આપનાર અધિકારવર્ગે ખરેખર ભૂલ કરી છે અને તેને લઇનેજ ના. ઠાકોરસાહેબે ભૂલ કરી છે. જેને લઇને જ અખીલ હિંદના જૈનસમાજની લાગણી દુ:ખાણી છે. શ્રી શત્રુંજય તીર્થ પાલીતાણાની પ્રજા કે જૈનપ્રજાનું ન હોવાથી અને હિંદના સકળસંઘની જ માલેકી પરંપરાથી હોવાની ઐતિહાસિક સાબીતી હોવાથી જ તે તીર્થ, તેના ચડવાના રસ્તા અને પડખેની થોડી જમીન, કુંડો, ( વસામાઓ અને ગઢની અંદરની જમીન, દેવાલયો વિગેરેની સ્વતંત્ર માલેકી મુખત્યારી અને સંપૂર્ણ હક્ક આપણો નામદાર સરકારના ઠરાવથી ઠરેલો છે; છતાં તે તે સ્થળોની મરામત વગેરે કરવા માટે પાલીતાણા રાજ્ય મંજુરી માટે અરજી માગે છે; આ સ્વાલ જ્યુરીસડીકશન, હક્ક, સ્વતંત્રતાનો છે અને તેને માટે જ અનેક વખત આપણી અને પાલીતાણા રાજ્યની વચ્ચે રહી દરેક ઠરાવો નામદાર બ્રીટીશ સરકારે કરી આપ્યા છે. આમાં સવાલ એ છે કે તેવી બાબતનું અનેક વખત સરકારથી નક્કી થયેલ છતાં જૈનોનાં તે હક્કો અને સ્વતંત્ર માલેકી અત્યારસુધી ચાલી આવે છે-સરકારે ઠરાવી આપેલી છે તેમાં દખલગીરી થાય તે ન્યાયથી વિરૂદ્ધ છે. વળી આ તીર્થ સકળ હિંદના જૈનોનું હોવાથી અને તે પાલીતાણાની પ્રજા ન હોવાથી તેમજ ઉપર મુજબની સંપૂર્ણ માલેકી જૈનોની હોવાથી તેની પોતાની જગ્યામાં મરામત, ચણતર કે તેવું કાંઇ પોતાની હદમાં કરે તેમાં શામાટે નામદાર દરબારશ્રીની મંજુરી માંગવી પડે ? તે સમજી શકાતું નથી. આવી હક્ક અને માલેકીની સ્પષ્ટ હકીકતની બાબતમાં નામદાર સરકારના આગલા ઠરાવો છતાં તેવાં જૈનોનાં વ્યાજબી અને ન્યાયયુક્ત હક્કની બાબતમાં અરજી આપવા વિગેરેના કરવામાં આવતા પાલીતાણા રાજ્યના હુકમો કોઇપણ રીતે યોગ્ય નથી. જૈનો નવો હક્ક માગતા નથી, નવી માલેકી માગતા નથી, નવી જમીન દબાવતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનું નક્કી થયેલું છે તે હક્ક-માલેકીનું રક્ષણ કરવા પાલીતાણા દરબારશ્રીને અરજી આપે કે મંજુરી માગે તે તદ્દન ન્યાયના ધોરણ વિરૂદ્ધ છે; તો પાલીતાણા સ્ટેટ તેવી બાબતમાં (જ્યાં કે જુની બાબતોને જૈનકોમ વળગી રહેલ છે તે સંયોગમાં) દખલગીરી કરે, વચ્ચે આવે કે ભવિષ્યમાં પણ નવા નવા હુકમો તેજ માટે બહાર પાડે તે તેટલુંજ અયોગ્ય અને ન્યાયથી વિરૂદ્ધ પગલું છે તેમ હિંદની સકળ પ્રજા અત્યારે માને છે. પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબને આ વાત લક્ષમાં લેવાની વિનંતિ કરીએ છીએ અને જો તે લક્ષમાં આવશે તો ભવિષ્યમાં જૈનપ્રજા સાથેના તેવી જાતના મેળ-પ્રેમથી રાજ્યને અનેક લાભ થવા સાથે પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબ આ તીર્થાધિરાજ જ્યાં આવેલું છે અને તે શહેરના તેઓશ્રી રાજવી હોવાથી સકળ ભારતવર્ષમાં જ્યાં ત્યાં સકળ જૈનકોમનું પૂરતું માન અને સંપૂર્ણ સત્કાર પામી શકે તે સ્વાભાવિક છે. પરમાત્મા નામદાર ઠાકોર સાહેબને તેવી સદ્બુદ્ધિ આપો.

આપણે અત્યારે યાત્રા કરવા જતાં બંધ થયા છીયે તેથી જો કે ખેદ થાય, પરંતુ શ્રીસંઘની આજ્ઞાને ફરજ-કર્તવ્ય, તીર્થપ્રેમને આધિન થઈને કરવું પડયું છે અને તેજ રીતે છેવટ સુધી તે ફરજ બજાવવાથી જ એક રીતે યોગ્ય પરિણામ આવતાં ભવિષ્યની શાંતિ વિશેષ થવા સંભવ છે એમ સકળ શ્રી સંઘમાને છે.

હવે તો નિર્ણય એવો થવો જોઈએ કે ભવિષ્યમાં ફરી આવો પ્રસંગ પ્રાપ્ત ન થાય. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી નીમાયેલ સાત પ્રતિનિધિઓ સતત્ પ્રયત્ન કર્યે જાય છે. અને તા. ૩૦-૩-૧૯૨૬ માં પોતાના કાર્યનો રીપોર્ટ રજુ કર્યો હતો, જેથી તે કાર્યથી જૈન સમાજે સંતોષ જાહેર કર્યો છે. તા. ૨૫-૪-૧૯૨૬ ના રોજ આપણો જવાબ રજુ થશે અને તે ઉપરથી એ. જી. જી. સાહેબ જે ઠરાવ આપશે તે ઉપર આગળ શું કરવું તે જણાશે. શ્રી અધિષ્ઠાયક દેવો તેમનો પ્રયત્ન સફળ કરે અને સર્વત્ર શાંતિ થાય.

તા૦ ૧-૪-૧૯૨૬ થી યાત્રાએ ન જવું તેમ શ્રી સંઘના ઠરાવને તમામ યાત્રાળુઓ, સાધુ, સાધ્વી મહારાજાઓએ માન આપી તા. ૩૧-૩-૨૬ ના રોજ પાલીતાણા છોડી દઈ સંપૂર્ણ માન આપ્યું છે. અને હવે પછી સમાધાની થતાં શ્રી સંઘની આજ્ઞા જવાની થાય ત્યાં સુધી ન જવું તેમ શ્રેયસ્કર માર્ગ છે. શ્રી શત્રુંજય તીર્થની યાત્રા વગેરેના સંબંધમાં જેમને કંઈ નિયમ બાધા વગેરે હોય તે મનુષ્યે શ્રી ગિરનારજી, શ્રી તાલધ્વજ ગિરિ વગેરે સ્થળે યાત્રાએ જવાથી (શ્રી સંઘની આજ્ઞા પ્રમાણે ચાલવાનું હોવાથી) તે સચવાય છે. શ્રી સંઘની આજ્ઞા તે પરમાત્માની આજ્ઞા સમજવાની છે.

આ સંબંધમાં હિંદના ૬૦૦ ગામ ઉપરાંતના શ્રી સંઘોએ હાલ યાત્રાએ નહિં જવાના ઠરાવો કર્યા છે તે કાર્ય ચાલુજ છે અને નામદાર વાઈસરાય વગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર શ્રી પાલીતાણા દરબાર શ્રીના આવા પગલા સામે જૈનકોમની સતત્ લાગણી દુખાયાના અનેક તારો ગયા છે. પચાસ હજાર સુમારે સહીયો પાસમેમોરીયલમાં થઇ છે.

આ વખત અમદાવાદના, ભાવનગર વડવા મિત્રમંડળના તેમજ બોટાદ–વગેરેના સ્વયંસેવકો શીહોર અને બોટાદ મુકામે શ્રી સંઘના ઠરાવનો અમલ શાંતિપૂર્વક કરાવવા પ્રયત્ન કરે છે.

સાંભળવા પ્રમાણે યતિવર્ગ પણ આ સંબંધમાં પ્રયત્ન કરે છે. હાલ આપણું કર્તવ્ય તો આયંબીલ વગેરે તપ, શ્રી શત્રુંજય તીર્થનું ધ્યાન ( નોકારવાળીદ્વારા ) અને અધિષ્ટાયક દેવની પ્રાર્થના કરવાનું છે કે જેથી જલદીથી શાંતિ થઇ આ કરતાં વિશેષ વિશેષ પ્રકારે ચતુર્વિધ સંઘ શાંતિથી યાત્રાનો લાભ લઈ નિર્જરા કરી શકે.

( માસિક કમીટી )

# વર્તમાન સમાચાર.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઇને અમદાવાદ નિવાસી શેઠ વાડીલાલ સારાભાઇએ કેળવણીના ઉત્તેજનાર્થે એક લાખ રૂપીયાની રકમ અર્પણ કરી છે. અને શ્રી વિદ્યાલયની કમીટીએ તેના અંગના જૈન બોર્ડીંગ સાથે શેઠ વાડીલાલભાઇનું નામ જોડવાનો ઠરાવ કર્યો છે. એ ઉદાર ગૃહસ્થને ધન્યવાદ આપવા મે૦ પટ્ટણી સાહેબના પ્રમુખપણા નીચે મુંબઇમાં એક મેળાવડો કરવામાં આવ્યો હતો. આ એક સારી રકમ આ ખાતાને અર્પણ કરવા માટે તે ગૃહસ્થને અમો ધન્યવાદ આપીયે છીયે.

## શ્રી પાટણમાં થયેલ મહોત્સવ.

શ્રી પાટણ નિવાસી ધર્મબંધુ શેઠ નગીનદાસ કરમચંદ, દેવગુરૂ ધર્મના ખરેખરા ઉપાસક છે. તેઓને સંપાદન થયેલ સુકૃત લક્ષ્મીનો ગયા ફાગણ માસમાં પોતાના વતન પાટણ શહેરમાં ઉદ્યાપન, અઠ્ઠાઇ મહોત્સવ વગેરેથી દેવ, ગુરૂ, જ્ઞાન અને સ્વામી ભાઇઓની ભક્તિ કરી સદ્ઉપયોગ કર્યો છે. ઉજમણામાં પધરાવેલ વસ્તુ જેમ ઉંચા પ્રકારની હતી, તેમ જ્ઞાનોપગરણમાં જ્ઞાનોપયોગી બુકો વગેરે પણ સારી સંખ્યામાં હતાં. ઉદ્યાપનના મંડપમાં ચારીસંજીવિનીન્યાય, કુમારપાલ રાજાને કંટકેશ્વરી દેવીએ કરેલો ઉપદ્રવ, બીનવારસી દ્રવ્ય નહીં લેવા કુમારપાળ રાજાએ કરેલો ઠરાવ વગેરે પાંચ ભવ્ય દેખાવો બોધદાયક કરવામાં આવ્યા હતા. અનેક મુનિમહારાજાઓ તથા સ્વામીભાઇઓને આમંત્રણ કરી સારી ભક્તિ ઉદાર ભાવે કરી હતી. અનેક શુભકાર્યોમાં સખાવત પણ સારી કરી હતી. આવા મહોત્સવ અને પૈસાના ખર્ચમાં ઉદારતા એ બંને માટે નગીનદાસભાઇને ધન્યવાદ દેવા સાથે મનુષ્ય જન્મનું તેઓએ સાર્થક કર્યું છે, અમો તેમની અનુમોદના કરીયે છીયે. બીજું ઉજવણું શેઠ પ્રેમચંદ મોહનલાલને ત્યાં હતું તેમણે પણ ભાવનાપૂર્વક સારો લાભ લીધો હતો.

**શ્રી સિદ્ધાચળજીમાં શ્રી દત્તસૂરિ બ્રહ્મચર્યાશ્રમ**—આ સંસ્થાની ફાગણ માસમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાપન કરવામાં આવી છે. ૭ થી ૧૧ વર્ષ સુધીના બાળકો દાખલ કરી માગધી, સંસ્કૃત અને હિંદી ભાષા સાથે ધાર્મિક જ્ઞાન આપવામાં આવે છે. સુરતનિવાસી ઝવેરી કલ્યાણચંદ ઘેલાભાઇએ રૂ. દશ હજારની ઉદાર મદદ આપી છે. કોઇપણ ગચ્છના જૈન બાળકો દાખલ કરવામાં આવે છે. આશ્રમના નિયમો અને ઉદ્દેશ પ્રકટ થયેલ છે. વિશેષ જાણવા માટે શેઠ પ્રેમકરણજી મરોટી—પાલીતાણા લખવું.

જયન્તિ—શહેર ભાવનગરમાં શ્રી મહાવીર જયંતિ મહોત્સવ ચૈત્ર શુદ ૧૩ ના રોજ શ્રી મહાવીર પ્રભુનો જન્મ હોવાથી સવારના વ્યાખ્યાન વખતે પં. મહારાજ શ્રી ભક્તિવિજયજી મહારાજના પ્રમુખપણા નીચે ઉપાશ્રયે, વડવામાં શ્રી વડવા મિત્રમંડળ તરફથી ઇનામનો મેળાવડો તથા જિનાલયમાં પૂજા અને રાત્રિના દાદાસાહેબમાં શામળદાસ કોલેજના પ્રોફેસર ભીડે સાહેબના પ્રમુખપણા નીચે મેળાવડો થતાં જુદા જુદા વક્તાઓના ભાષણો તે વિષય માટે થયાં હતાં અને જયંતિ ઉજવાઇ હતી.

# સાભાર સ્વીકાર.

**શ્રી રત્નપ્રસાદ**—પદ્યવિભાગ ભાગ ૧ લો. આ લઘુ ગ્રંથના લઘુબંધુ ચુનીલાલ છગનચંદ શરાફ સુરત નિવાસીની કૃતિના છે. શુમારે ત્રીશ વર્ષ ઉપર કર્તા શ્રીયુતના ઉપકારી ગુરૂશ્રી રત્નસાગરજી મહારાજના બોધની પ્રસાદિરૂપે આ પદો બનેલા હોવાથી પદ્યના અંતે ઉપકારી તે ગુરૂશ્રી તથા શ્રીમદ્ વિજયાનંદસૂરિ મહારાજના નામ મૂકયા છે. ભાઇશ્રી ચુનીલાલભાઇએ ગઇ સાલમાં ઉપધાન તપ આદરેલ તે સંપૂર્ણ થયાની નિશાની તરીકે, મુનિરાજ શ્રી મંગળવિજયજી મહારાજની ખાસ પ્રેરણાથી જ આટલી લાંબી મુદતે અપ્રકટ થયેલ પદો પ્રસિદ્ધ કરેલ છે. પદો સરલ, ભક્તિ-પ્રદર્શક છે. તીર્થમાળા સ્તોત્ર જે કે પા. ૧૩ મે આવેલ છે તેની ત્રીજી કડી હાલમાંજ કર્તાએ બનાવેલી તાલધ્વજગિરિની છે, તે પણ સાથે દાખલ કરેલ છે. પૂજ્ય શ્રી વિજયકમળસૂરિજીના ઉપદેશથી ઉપધાન તપ વહેવા થયેલ સંયોગથી તેઓશ્રીની છબી આપી ગુરૂભક્તિ દર્શાવી છે. તેના ખપીને ભેટ અપાય છે.

**પોષધવિધિ**—શહેર ભાવનગરમાં શ્રી સ્થાનકવાસી જૈનો બહોળી સંખ્યામાં છતાં, તેમજ તે સંઘમાં દ્રવ્યનું સારૂં ભંડોળ છતાં, તે સમુદાયના જૈનો આચાર, વિચાર, ક્રિયાવિધિ અને ધાર્મિક શિક્ષણમાં તદન પછાત છે, તેવા સંયોગમાં આ પોષધવિધિની લઘુબુકની યોજના કરનાર બંધુ હરિલાલ જીવરાજ ભાયાણીને ધન્યવાદ ઘટે છે. ભાઇ હરિલાલ ઓછા વધતા પ્રમાણમાં ધંધાદારીમાંથી ફુરસદ મેળવી ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કરનાર હોવાથી જ આ પોષધવિધિના સંયોજક બન્યા છે. આ બુક સ્થાનકવાસી જૈનસમાજના બંધુઓને પોષધવ્રતના ખપીને આશિર્વાદ સમાન છે-યોજના સરલ, અર્થયુક્ત અને શાસ્ત્રની સાક્ષીઓ સાથે આપેલ છે. તે સમુદાયના બંધુઓને અને જૈન શાળાઓને ઉપયોગી છે. પ્રકાશક મુનિશ્રી ઉમેદચંદજી જૈન સ્થાનકવાસી પુસ્તકાલય ભાવનગર લખવાથી ભેટ મળશે.

**શ્રી જૈનબિંબપટ-નિર્ણય**—પ્રકાશક બેન ભૂરી શેઠ સોભાગમલજી ધન્નાલાલ સૂરાણાની ધર્મપત્ની સંયોજક **મુનિશ્રી યતીન્દ્રવિજયજી મહારાજ**. કિંમત-ભેટ. આ લઘુ બુકમાં સાધુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધ્વીઓના વસ્ત્રો કેવા હોવા જોઇએ તે ૪૧ ગ્રંથોના ( આગમો સહિત ) આધારો આપવામાં આવ્યા છે. પ્રસ્તાવના પણ વાંચવા જેવી છે. શ્રી રાજેન્દ્રસૂરિ જૈન ગ્રંથમાળા તરીકે આ અને નીચેનાં ત્રણ ગ્રંથો ભેટ મળેલા છે.

૪ **શ્રી અધ્યયન ચતુષ્ટય**—શ્રી દશવૈકાલિકસૂત્રના પ્રથમના ચાર અધ્યયનો અર્થ સાથે આ બુકમાં સરલ અર્થ સાથે આપવામાં આવેલા છે. ખાસ વાંચવા જેવા અને કંઠાગ્ર કરવા જેવા છે. સાધુ-સાધ્વી મહારાજને ભેટ દેવા માટે સુશ્રાવિકા બેન માણેકબાઇએ છપાવ્યા છે. તેના અનુવાદક ઉપરોક્ત મુનિરાજ છે.

૫ **શ્રી મોહન જીવનાદર્શ**—સંયોક્ત ઉપરોકત મુનિમહારાજ છે–શ્રી મોહનવિજયજી જેઓ કે શ્રી વિજયપ્રમોદસૂરિના શિષ્ય છે તેઓનું જીવનચરિત્ર કે જે અનુકરણ કરવા યોગ્ય છે. તે આ બુકમાં મુનિરાજ શ્રી યતિન્દ્રવિજયજી મહારાજે લખેલું છે. કિંમત ભેટ. આલીરાજપુર શ્રી બૃહત તપાગચ્છ શ્રીસંઘે છપાવેલ છે. ગ્રંથમાં ત્રણ મહા પુરૂષોની છબી દાખલ કરી ગુરૂભકિત પણ દર્શાવી છે.

**એકસો આઠ બોલકા થોકડા**—આ લઘુ ગ્રંથના સંશોધક ઉપરોક્ત મુનિરાજશ્રી છે. તત્ત્વજ્ઞાનના તેમજ જુદા જુદા પ્રકરણોમાં આવતા બોલો જે કે એકસોઆઠનો સંગ્રહ આ બુકમાં આપવામાં આવેલ છે. જે મુખપાઠ કરવા જેવા અને જાણવા જેવા છે. કોઇ કોઇ બોલ અન્ય વિચારવાળા પણ છે; છતાં બાકી સંગ્રહ એકંદર સારો, અને વાંચવા જેવો છે. પ્રકાશક જેઠાજી પૂનમચંદજી આલીરાજપુર નિવાસી છે. કિંમત લખેલ નથી.

**શ્રી હોલીપર્વ મહાત્મ્ય ( હિંદી )**—મારવાડ દેશ કે જ્યાં હોલી પર્વ મિથ્યાત્વ પર્વ તરીકેનો મશહુર પ્રચાર છે, ત્યાં આ બુકમાં જૈનદષ્ટિએ બતાવેલ તે પર્વનું મહાત્મ્ય તે દેશના જૈનસમાજને એકંદર હિતકર અને મિથ્યાત્વને દૂર કરનાર હોઇ ઉપકારક છે. અનુવાદક મુનિરાજ શ્રી માનસાગરજી મહારાજ, પ્રકાશક—જૈન બંધુ પ્રીન્ટીંગ પ્રેસ-ઇંદોર. કિં. ૩ ૦–૦–૯

**શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળનો છઠ્ઠો વાર્ષિક રીપોર્ટ**—સ્વર્ગવાસી મહાત્મા શ્રી વિજયધર્મસૂરિ મહારાજના શુભ પ્રયત્નના ફળરૂપે જન્મ પામેલ આ મંડળ અત્યારે ઠીક કાર્ય કરી રહેલ છે. તેનો સં. ૧૯૮૧ નો રીપોર્ટ આ છે. જેમાં વ્યવસ્થા, આવક–જાવક, હિસાબ, સરવૈયું વગેરે આપેલ છે. કેટલીક યોજના જાણવા જેવી છે. વિદ્યાર્થી હાલ ૪૨ છે. લાભ સારો લે છે. અમે તેની ઉન્નતિ ઇચ્છિયે છીયે.

**ધી સ્ટુડન્ટસ હેલ્પીંગ કલબ–ખેડા**—નો સ. ૧૯૨૨–૨૩–૨૪–૨૫ ચાર વર્ષનો રીપોર્ટ અમોને મળ્યો છે. કેળવણી લેતા વિદ્યાર્થીઓને મદદ માટેનો આ સંસ્થાનો શુભ પ્રયત્ન છે. આ રીપોર્ટમાં સરવૈયું, હિસાબ, આવક–જાવક વિગેરે હકીકત આપવામાં આવેલ છે. સેક્રેટરી રતિલાલ જીવણલાલ શાહ અને વકીલ નાથાલાલ છગનલાલ મોદી પ્રેસીડેન્ટના સુપ્રયત્નનું ફળ છે. હિસાબ ચોખવટવાળો છે અમો તેની આબાદી ઇચ્છીએ છીએ.

**શ્રી જૈન શ્વેતામ્બર તીર્થોદ્ધાર કમીટી** છોટી–સાદડીનો સં. ૧૯૮૨ ના માગશર સુદ ૧૫ સુધીનો રીપોર્ટ મળ્યો છે–૧૭ મંદિરોનો જીર્ણોદ્ધારનું કામ અત્યારે ચાલે છે. આ ખાતમાં દરેક જૈનબંધુઓએ સહાય આપવા જેવું છે કારણ કે રીપોર્ટ જોતાં તે વ્યવસ્થીત જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


" કાવ્ય સાહિત્યનો અપૂર્વ ગ્રંથ."

# " કાવ્ય સુધાકર."

( રચયિતા—આચાર્ય શ્રી અજીતસાગરજી મહારાજ. )

કાવ્યકલા અને સાહિત્યનો એક સુંદર નમુનો કે જે સામાયિક રસથી ભરપૂર છે, તેવા હૃદયદ્રાવક ૪૩૫ વિવિધ કાવ્યનો સંગ્રહ છે. આ કાવ્યોમાં કાવ્યઝરણુનો નિર્મળ પ્રવાહ અસ્ખલિતપણે વહે છે, જે આ ગ્રંથમાં સંપૂર્ણ કળામાં દીપી નીકળે છે, જેથી વાચકને રસ ઉત્પન્ન કરે છે. આ ગ્રંથમાં ચાર વિભાગ ૧ કાવ્ય કિરણાવલી, ૨ કાવ્ય કૌમુદી, ૩ સહિત્યસાર અને ૪ શ્રી આનંદઘનજી પદનો કાવ્ય ( કવિતા ) રૂપે અનુવાદ એ ચારનો સમાવેશ કરવામાં આવેલો છે. તમામ કાવ્યો એકંદર સરલ, સુંદર, રસયુક્ત, હૃદયદ્રાવક, અને ભાવવાહી છે. સામાજીક, નૈતિક, ધાર્મિક, વિષયો સાથે પ્રાસંગિક અને કુદરતી વર્ણનોથી બનેલાં આ કાવ્યો હોઇને દરેક મનુષ્યને ઉપયોગી છે. દરેક મનુષ્યે લાભ લેવા જેવું છે. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી સુંદર રેશમી કપડાના પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ સાડાચારસો પાનાનો આ ગ્રંથ છે. કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું—" શ્રી જૈન આત્માનંદ સભા "—ભાવનગર.

# જાહેર ખબર.

અમારા તરફથી પ્રકટ થયેલ **શ્રી સુપાર્શ્વનાથ** ચરિત્રની પ્રથમ ભાગ કરતાં બીજા ભાગની નકલો વિશેષ રહેલ છે, તેમજ પ્રથમ ભાગ ખરીદનાર બંધુઓના નામ અમારી પાસે નથી, જેથી જેમણે બીજો ભાગ ન લીધો હોય તેમણે અમારી પાસેથી મંગાવી લેવો. તે સિવાય તે ચરિત્ર અપૂર્ણ રહેશે. સેક્રેટરી,

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

# શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ( ભાષાંતર ).

## ભાગ ૧ લો તથા ભાગ ૨ જો.

( અનુવાદકઃ—આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી. )

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભક્તિનું વિસ્તારપૂર્વક વર્ણન શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્યજીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ, શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વિગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે. આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા–સ્વભાવનું વિવેચન, અદ્ભૂત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવજીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચારવિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધનરૂપ છે.

ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂા. ૪–૮–૦ પોસ્ટ ખર્ચ જુદો.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વતંત્ર [1]નિર્વાહ.

એ સુખનું સર્વથી મ્હોટું સાધન છે. બીજાના આશ્રય અથવા વગવસીલા ઉપર નિર્વાહનો આધાર રાખનારા જુવાનોની જીંદગી ઘણી દુઃખદાયક નીવડે છે. પરાધીન થઇને ઘણાએક જુવાનો પોતાનું સ્વરૂપ ભૂલે છે તથા પોતાનામાં કાંઇ પણ પાણી કે પરાક્રમ હોય છે તેનો અનુભવ કરવાનો તેમને પછી અવકાશ મળતો નથી. પછી તો પોતાના અન્નદાતાઓની આજ્ઞા અને મોઢાના બોલ ઉપાડી લેવાને તત્પર થઈ રહેવું તથા ખુશામત કરવી એજ તેમનું નિત્ય કર્મ નિમાઇ ચૂકે છે. જીંદગીમાં અતિ ઉપયોગી અને સુખકારક સાધન જે "સ્વ-પરાક્રમ" તેનો ત્યાગ કરીને ફક્ત અભણજ નહિ પણ ભલભલા ભણેલા પણ ભૂલ કરીને પરતંત્રતાને પસંદ કરે છે! આ કેવી સંતાપની વાર્ત્તા છે! પ્યારા જુવાન ભાઈઓ! જો તમે તમારો અને તમારા દેશનો ઉદય ઇચ્છતા હો તો તમારે તમારી જીંદગીમાં પ્રવેશ કરતાં પ્રથમ તો **સ્વતંત્ર નિર્વાહનો રસ્તો શોધવો.** જો તમે સુખને ઇચ્છતા હો તો તે સુખ માત્ર તમારા પોતાનાજ પરાક્રમમાં રહેલું છે. સ્વતંત્ર વૃત્તિને[2] હું પરાક્રમ કે પુરૂષાર્થ સમજું છું; અને એ સ્વપરાક્રમથીજ તમે સ્વતંત્ર થઇ શકશો. તમારામાંના ઘણાએક સ્વતંત્રતાનો જે અર્થ કરે છે, તે પ્રકારની આ સ્વતંત્રતા તમે સમજશો નહિ. "વડિલોની આજ્ઞા નહિ માનતાં પોતાની ઇચ્છા પ્રમાણે સ્વચ્છંદપણે વર્ત્તવું." એ કાંઈ ખરી "સ્વતંત્રતા" નથી. "સારાં અને સાચાં કામ કરવાની નિડરતા અને નઠારાં તથા ખોટાં કામ કરવા તરફ વૃત્તિને[3] ઉશ્કેરનારી લાલચો કે આશાઓને આધીન નહિં થવાનો દૃઢ નિશ્ચય" એટલીજ સ્વતંત્રતાની વ્યાખ્યા છે. સ્વાધીનતા, સ્વાશ્રમ અને સ્વપરાક્રમ એ બધા લગભગ સ્વતંત્રતાને સૂચવનારા શબ્દો છે. બીજાને માથે પડયા વિના પોતાનાજ પરાક્રમ કે પુરૂષાર્થથી પ્રમાણિકપણે ઉદ્યોગ કરીને જાડો પાતળો રોટલો મેળવી પોતાનું, પોતાના કુટુંબનું અને બની શકે તો બે બીજાં માણસોનું પોષણ કરનારા માણસોને હું સુખી અને સ્વતંત્ર સમજું છું. માબાપ, વડિલો કે સમજુ માણસોની આજ્ઞાનો અનાદર કરીને યથેચ્છ વર્ત્તનારા માણસોને "સ્વતંત્ર" કહેવા કરતાં "સ્વચ્છંદી" કહેવા એ વધારે બંધ બેસતું છે "નિરૂદ્યમીપણું અથવા આળસ" "અને જાત મહેનત અથવા સ્વપરાક્રમ" એ બન્ને પરસ્પર વિરૂદ્ધ ગુણો છે. ઉદ્યમ વિના માણસને સ્વતંત્રતા પ્રાપ્ત થતી નથી અને સ્વતંત્રતા વિના ખરૂં સુખ કદી પણ સાંપડતું નથી. એ વાત તરફ પ્રારંભમાંજ તમારૂં લક્ષ ખેંચવાની મેં જરૂર જાણી છે.

"યુવાવસ્થાનો શિક્ષક"

---

૧. Independent livelyhood. ૨. નિર્વાહ (Lively-hood). ૩ મનનું વલણ.

For Private And Personal Use Only